RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 082 Dt. 12-10-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




**ટ્રમ્પનું અજબ-ગજબનું વ્યક્તિત્વ : કભી તુ છલિયા લગતા હે, કભી દિવાના લગતા હે, કભી અનાડી લગતા હે!**

# ટ્રમ્પે મોદીજી પર ફુલડા વરસાવ્યા

## અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે વડાપ્રધાન મોદીની કરી પ્રશંસા કહ્યું અમેરિકી રાષ્ટ્રપતિ બંને દેશો વચ્ચે વ્યાપારિક સંબંધોને મજબૂત બનાવવા માટે તત્પર



નવીદિલ્હી, તા. ૧૧

અમેરિકા સાથે ચાલી રહેલા ટેરિફ યુદ્ધ વચ્ચે, એક મહત્વપૂર્ણ નિવેદન બહાર આવ્યું છે. અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ મિત્ર માને છે. ગોરે પીએમ મોદી સાથે મુલાકાત બાદ આ નિવેદન આપ્યું હતું. ગોરને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના સહયોગી માનવામાં આવે છે, જેનાથી તેમનું નિવેદન મહત્વપૂર્ણ બન્યું છે. ગોર ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર મેનેજમેન્ટ એન્ડ રિસોર્સિસ માઈકલ જે. રિગાસ સાથે છ દિવસની મુલાકાતે ભારત આવ્યા છે અને વરિષ્ઠ ભારતીય અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર સર્જિયો ગોર સાથેની તેમની મુલાકાત વિશે પણ લખ્યું. પીએમ મોદીએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે યુએસ એમ્બેસેડર-નિયુક્તનો કાર્યકાળ ભારત-અમેરિકાની ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. પીએમ મોદીએ લખ્યું કે તેઓ ભારતમાં નિયુક્ત યુએસ એમ્બેસેડર-નિયુક્ત સર્જિયો ગોરનું સ્વાગત કરીને ખુશ છે. ગોરે પ્રધાનમંત્રી મોદી સાથેની તેમની અવિશ્વસનીય મુલાકાત બદલ પ્રશંસા વ્યક્ત કરી. તેમણે વધુમાં જણાવ્યું કે બંનેએ સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી સહિતના દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી.

પીએમ મોદી સાથે મુલાકાત બાદ સર્જિયો ગોરે કહ્યું, અમે મહત્વપૂર્ણ ખનિજોના મહત્વ પર પણ ચર્ચા કરી. આ સમય દરમિયાન, અમે સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી સહિત દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમેરિકા ભારત સાથેના તેના સંબંધોને મહત્વ આપે છે. ''અમે વિદેશ મંત્રી જયશંકર, ગજ્અ ડોભાલ અને વિદેશ સચિવ મિસ્ત્રી સાથે ઘણી બેઠકો કરી હતી.

અગાઉ, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ડ પર જણાવ્યું હતું કે તેમની ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી અને તેની સહિયારી પ્રાથમિકતાઓ પર અર્થપૂર્ણ ચર્ચા થઈ છે. વિદેશ સચિવે રાજદૂત ગોરને શુભેચ્છા પાઠવી હતી. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકા ટેરિફ લાદવાના નિર્ણય બાદ નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો વધુને વધુ તણાવપૂર્ણ બન્યા છે, જેમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પર ૨૫ ટકા ટેરિફનો સમાવેશ થાય છે. ભારતે અમેરિકાના આ પગલાને અન્યાયી અને ગેરવાજબી ગણાવ્યું છે.

યુએસ રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું હતું કે અમેરિકા ભારત સાથેના તેના સંબંધોને મહત્વ આપે છે. ''અમે મહત્વપૂર્ણ ખનિજોના મહત્વ પર પણ ચર્ચા કરી. અમે સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી સહિતના દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી.'' ગોરે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વડા પ્રધાન મોદીને એક મહાન અને વ્યક્તિગત મિત્ર માને છે. ગયા મહિને, યુએસ સેનેટમાં તેમની પુષ્ટિ સુનાવણી દરમિયાન, ગોરે ભારતને ''અમેરિકાના સૌથી મહત્વપૂર્ણ સંબંધોમાંનો એક'' ગણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું, ભારત અમેરિકાના વિશ્વમાં સૌથી મહત્વપૂર્ણ સંબંધોમાંનો એક છે અને એક વ્યૂહાત્મક ભાગીદાર છે જેનું ભવિષ્ય આ પ્રદેશ અને તેનાથી આગળના ક્ષેત્રોને આકાર આપશે.

# ખેડૂતોને દિપાવલી ભેટ

## ૪૨,૦૦૦ કરોડની યોજનાઓ શરૂ : ૧૦૦ મહત્વાકાંક્ષી જિલ્લાઓના ખેડૂતોને કૃષિ ઉત્પાદકતા વધારવા, પાકને વૈવિધ્યીકરણ કરવા અને ટકાઉ ખેતી પ્રણાલીઓ અપનાવવા માટે કરાશે પ્રોત્સાહિત



નવીદિલ્હી , તા. ૧૧

દેશભરના લાખો ખેડૂતોને આજે એક મહત્વપૂર્ણ ભેટ મળી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના પુસા સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થા તરફથી આશરે ૪૨,૦૦૦ કરોડની યોજનાઓ શરૂ કરી. ૨૪,૦૦૦ કરોડની પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના અને ૧૧,૪૪૦ કરોડની કઠોળ ઉત્પાદકતા મિશન આજે શરૂ કરવામાં આવી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રિમોટ બટન દબાવીને આ યોજનાઓ શરૂ કરી. પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના દ્વારા, ૧૦૦ મહત્વાકાંક્ષી જિલ્લાઓના ખેડૂતોને માત્ર પ્રોત્સાહન આપવામાં આવશે નહીં, પરંતુ તેમને કૃષિ ઉત્પાદકતા વધારવા, પાકને વૈવિધ્યીકરણ કરવા અને ટકાઉ ખેતી પ્રણાલીઓ અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવશે. પાક સંગ્રહ સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવશે, સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરવામાં આવશે અને ખેડૂતો માટે લોનની પહોંચ સુવ્યવસ્થિત કરવામાં આવશે. વધુમાં, આ જિલ્લાઓના તમામ પાત્ર ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ વાર્ષિક ₹૬,૦૦૦ ની ચુકવણી સુનિશ્ચિત કરવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ આજે કૃષિ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રોમાં ₹૫,૪૫૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ શરૂ કર્યા. પ્રધાનમંત્રી મોદીએ ₹૮૧૫ કરોડના અન્ય પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો. બેંગલુરુ અને જમ્મુ અને કાશ્મીરમાં કૃત્રિમ ગર્ભાધાન તાલીમ કેન્દ્રો, અમરેલી અને બનાસમાં શ્રેષ્ઠતા કેન્દ્રો, રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ આસામમાં IVF લેબની સ્થાપના, મહેસાણા, ઈન્દોર અને ભીલવાડામાં દૂધ પાવડર પ્લાન્ટ, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ આસામના તેજપુરમાં ફિશ ફીડ પ્લાન્ટ, કૃષિ-પ્રક્રિયા કલસ્ટરો માટે માળખાગત સુવિધાઓ, સંકલિત કોલ્ડ ચેઈન અને મૂલ્ય-સંવર્ધન માળખાગત સુવિધાઓ પણ શરૂ કરવામાં આવી છે.

# ઉદ્ધવ પુરપ્રભાવિત ખેડૂતોનો લાભ ઉઠાવે છે : એકનાથ શિંદે

## ઠાકરેએ ચેતવણી આપી કહ્યું જો ફડણવીસ સરકાર પૂરમાં નાશ પામેલા પાક માટે ‘સંપૂર્ણ લોન માફી’ની જાહેરાત નહીં કરે, તો રસ્તા પર ઉતરવુ પડશે

નવીદિલ્હી, તા. ૧૧

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શનિવારે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું હતું અને તેમના પર પૂર અને વરસાદથી પ્રભાવિત ખેડૂતોની દુર્દશાનો રાજકીય લાભ લેવાનો આરોપ લગાવ્યો હતો. શિવસેના પ્રમુખે છત્રપતિ સંભાજીનગરમાં પૂર્વ મુખ્યમંત્રીની રેલીને ''મગરના આંસુ'' ગણાવી હતી. છત્રપતિ સંભાજીનગર રેલી દરમિયાન ઠાકરેએ ચેતવણી આપી હતી કે જો દેવેન્દ્ર ફડણવીસ સરકાર તાજેતરના પૂરમાં નાશ પામેલા પાક માટે ''સંપૂર્ણ લોન માફી'' ની જાહેરાત નહીં કરે, તો ખેડૂતો તેમની વિરુદ્ધ રસ્તા પર ઉતરવા મજબૂર થશે. શિંદેએ છત્રપતિ સંભાજીનગરમાં ઠાકરેની રેલીને ''મગરના આંસુ'' ગણાવતા તેમના પર રાજકીય લાભ માટે ખેડૂતોની દુર્દશાનો લાભ લેવાનો આરોપ લગાવ્યો હતો.



વિપક્ષ પર ''દુઃખ પર રાજકારણ રમવાનો'' આરોપ લગાવતા શિંદેએ કહ્યું, ''જ્યારે સત્તા તેમના હાથમાંથી સરકી જાય છે, ત્યારે તેઓ રડે છે. આ ખેડૂતો માટે પ્રેમ નથી. મહાયુતિ સરકાર સૂત્રોચ્ચાર માટે નથી, પરંતુ ઉકેલો માટે છે.

ગયા મહિને, મહારાષ્ટ્રમાં પૂરના કારણે મોટા પાયે જમીન ડૂબી ગઈ હતી, જેના કારણે નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૪૧,૦૦૦ થી વધુ રહેવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી, જેમાં સોલાપુર, જાલના, છત્રપતિ સંભાજી નગર અને ધારાશિવ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ હતા. શિંદેએ શનિવારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી પર કટાક્ષ કરતા કહ્યું કે જે લોકો ક્યારેય પોતાના ઘરોમાંથી બહાર નીકળવાની તસ્દી લેતા નથી તેઓ ખેડૂતો માટે કૂચ કરવાની વાત કરી રહ્યા છે. રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારની પ્રશંસા કરતા શિંદેએ કહ્યું કે જ્યારે પણ રાજ્ય તાજેતરના વર્ષોમાં સૌથી ખરાબ સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે ગઠબંધન હંમેશા ખેડૂતો સાથે મજબૂત રીતે ઉભું રહ્યું છે.



# મહિલા સશક્તિકરણના આભને આંબતી ડ્રોન દીદી

## ૫૮ ડ્રોન દીદીએ ૧૮,૦૦૦ એકરથી વધુ જમીનમાં દવાનો છંટકાવ કરી ૫૫ લાખથી વધુની આવક કરી

રાજકોટ, તા. ૧૧

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ સંભાળ્યો ત્યારથી જ નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ્ય સ્તરે મહિલાઓના આર્થિક અને સામાજિક સશક્તિકરણ પર વિશેષ ધ્યાન આપ્યું હતું. તેમણે ગ્રામીણ મહિલાઓને માત્ર લાભાર્થી નહીં, પણ રાજ્યના વિકાસમાં સક્રિય આર્થિક ભાગીદાર બનાવવાની નીતિ અપનાવી હતી. વડાપ્રધાન બન્યા પછી, નરેન્દ્ર મોદીએ આ પ્રયાસોને રાષ્ટ્રીય સ્તરે વિસ્તાર્યા અને ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાના પ્રયત્નો કર્યા છે.

મહિલાઓને આત્મનિર્ભર બનાવવા મુદ્રા યોજના, લખપતિ દીદી અને નમો ડ્રોન દીદી જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાતમાં નમો ડ્રોન દીદી આજે માત્ર એક સરકારી યોજના નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને પ્રગતિના નવા આકાશમાં ઉડવાની તક આપતું એક મંચ બની છે. જેના થકી રાજ્યની મહિલાઓના આર્થિક સમુદ્ધિનો માર્ગ મોકળો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દરેક ક્ષેત્રે અગ્રેસર રહેતું ગુજરાત રાજ્ય નમો ડ્રોન દીદી યોજનાની અમલવારીમાં પણ અગ્રીમ હરોળના રાજ્ય પૈકીનું એક છે. ગુજરાતમાં અત્યારે સખી મંડળો સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની ૫૮ મહિલાઓએ ડ્રોન દીદી બનીને પોતાની આવકનો નવો સ્ત્રોત ઉભો કર્યો છે. ગુજરાતની આ ૫૮ ડ્રોન દીદીઓએ રાજ્યના ૭,૦૦૦થી વધુ ખેડૂતોની ૧૮,૦૦૦ એકર જેટલી જમીનમાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરીને રૂ. ૫૫ લાખથી વધુની આવક મેળવી છે.

અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં નમો ડ્રોન દીદી યોજનાના પ્રારંભિક તબક્કે વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલીક ફર્ટીલાઇઝર કંપનીઓ દ્રારા પોતના ઈજ્છ ફંડમાંથી સખી મંડળની આ મહિલાઓને ડ્રોન પૂરા પાડવામાં આવ્યા હતા. જેમાં IFFCO દ્વારા ૧૮, GNFC દ્વારા ૨૦ અને GSFC દ્વારા ૨૦ એમ કુલ મળી ૫૮ ડ્રોન તથા



૫૮ મહિલાઓને ડ્રોન તાલીમ પૂરી પાડવામાં આવી હતી. આગામી એક વર્ષમાં ગુજરાતના સખી મંડળની વધુ ૧,૦૨૪ બહેનોને ડ્રોન પાયલટની તાલીમ અને ડ્રોન ખરીદીમાં સહાય આપીને રાજ્ય સરકાર દ્વારા દરેક તાલુકામાં એક ડ્રોન દીદી કાર્યરત કરવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યમાં નવી ૧,૦૨૪ ડ્રોન દીદી કાર્યરત થતા ખેડૂતોનો ખેતી ખર્ચ, સમય અને રસાયણિક દવાઓનો અંધાધૂંધ ઉપયોગ ઘટશે તેમજ સખી મંડળની બહેનો માટે રોજગારીની તકોમાં પણ વધારો થશે.

નમો ડ્રોન દીદી યોજના અંતર્ગત સ્વ-સહાય જૂથ સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની બહેનોને ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)ની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ૧૫ દિવસની ડ્રોન પાઇલટની ઘનિષ્ટ તાલીમ ઉપરાંત ડ્રોનની ખરીદીમાં ૮૦ ટકા સબસીડી સહાય તેમજ બાકીની ૨૦ ટકા લોનની રકમ ઉપર ૩ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે. એડવાન્સ ટેક્નોલોજીના સુયોગ્ય ઉપયોગથી આજે ડ્રોન દીદી કૃષિ ક્ષેત્રને નવી દિશાઓ આપી રહી છે.

સ્વ-સહાય જૂથ અથવા કલસ્ટર લેવલ ફેડરેશન સાથે જોડાયેલી કોઈપણ ગ્રામ્ય વિસ્તારની મહિલા ડ્રોન દીદી બની શકે છે. મહિલાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. મહિલાએ ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ. લાયકાત ધરાવતી મહિલાઓની રાજ્ય સરકાર દ્વારા પસંદગી કરવામાં આવશે અને ઉગ્ઞ્ઙ્ઈઅ માન્યતા પ્રાપ્ત ડ્રોન પાઈલટ તાલીમ સંસ્થામાંથી ડ્રોન પાઈલટની તાલીમ આપવામાં આવશે. તાલીમ બાદ DGCA પાસેથી રિમોટ પાઈલટ તરીકેનું લાયસન્સ પણ મેળવવાનું રહેશે.

મહિલાઓને આવકના નવા સ્ત્રોત ઉપલબ્ધ કરાવીને તેમને આત્મનિર્ભર બનાવવા, ખેતીને વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનાવવા તથા પાકની ગુણવત્તા વધારીને ખેડૂતોની આવક વધારવા માટે વડાપ્રધાનએ મહત્વકાંક્ષી નમો ડ્રોન દીદી યોજના અમલમાં મૂકી છે. આ યોજના દ્વારા મહિલાઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવી શકશે અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવી શકશે.



## વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યભરમાં ૨૨૫ કરોડથી વધુના કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન

### ગામડે-ગામડે ફરીને રથના માધ્યમથી વિવિધ યોજનાના ૧૩ હજારથી વધુ લાભાર્થીઓને ૧૯.૮૬ કરોડની સહાય

### ૮૧ હજાર કરતાં વધુ નાગરિકોએ ભારતના વિકાસની પ્રતિજ્ઞા લીધી

રાજકોટ, તા. ૧૧

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ રાજ્યની વિકાસ યાત્રાના ૨૪ સફળ વર્ષોની ઉજવણી નિમિત્તે તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં 'વિકાસ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવા પંચાયત-ગ્રામ વિકાસ વિભાગ દ્વારા માહિતી અને પ્રસારણ વિભાગના સહયોગથી દરેક જિલ્લા દીઠ એક 'વિકાસ રથ'નું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૦૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વિવિધ જિલ્લામાં ૩૪ વિકાસ રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાક સુધીમાં વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં રૂ. ૧૧૯.૩૭ કરોડથી વધુના ૨,૧૮૬ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૧૦૬.૧૧ કરોડથી વધુના ૨,૧૫૫ કામોના ખાતમુહૂર્ત એમ મળી કુલ રૂ. ૨૨૫.૪૮ કરોડથી વધુના ૪,૩૪૧ જેટલા કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૧૩,૧૨૦ જેટલા લાભાર્થીઓને કુલ રૂ. ૧૯.૮૬ કરોડની સહાય વિતરણ પણ કરવામાં આવી હતી.

વધુમાં, આ વિકાસ રથ સાથે ૧૧૩ જેટલા રાજ્ય મંત્રી મંડળના સભ્યો, સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓ સહિત ૩,૪૪૮થી વધુ સ્થાનિક પદાધિકારીશ્રી-અધિકારીશ્રીઓ તેમજ ૮૧ હજાર કરતાં વધુ નાગરીકો જોડાયા હતા તેમજ વિકાસ રથ સાથે જોડાયેલા સર્વેએ ભારતના વિકાસની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

અત્રે નોંધનીય છે કે, વિકાસ સપ્તાહ દરમિયાન ગુજરાતના ગામડે-ગામડે ફરીને આ વિકાસ રથ ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય પહોંચાડી રહ્યા છે. આ ઉપરાંત વિકાસ રથ દ્વારા નાગરિકોને ગુજરાત સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યોની માહિતી અને માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. આ રથના માધ્યમથી રાજ્યના નાગરિકો ગુજરાતના સર્વગ્રાહી વિકાસની સાફલ્ય ગાથાથી પરિચિત થઇ રહ્યા છે. ગુજરાત સરકારની આ વિકાસ યાત્રામાં રાજ્યના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત તમામ વર્ગોને જોડવામાં આવી રહ્યો છે, જેથી વિકસિત ભારત૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં દરેક નાગરિક પોતાનું મહત્તમ યોગદાન આપી શકે.

## રાષ્ટ્રપ્રથમના ભાવને ઉજાગર કરતી 'મેરા દેશ પહલે'ની પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના

## ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ નરેન્દ્ર મોદીનો પ્રથમ પ્રયોગ નિહાળવા યુવાશક્તિ ઉમટી

### ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જીવન યાત્રાના અનેક પહેલુંઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી



રાજકોટ તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આકાર લઇ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો. નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદૃશ કરનારી બની રહી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ સર્વ પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું. નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાનશ્રી તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

લેખક, નિર્માતા અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના રસાળ અને સચોટ સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું. વિશાળ સંખ્યામાં આ શોને નિહાળવા ઉમટી પડેલી યુવાશક્તિ અને સમાજ જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિએ પુરવાર કર્યુ છે કે, 'મેરા દેશ પહલે' એ માત્ર કોઈ સામાન્ય શો નહિં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે.

'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ નરેન્દ્ર મોદીની દેશભરમાં થઈ રહેલી આ પ્રસ્તુતિ એ વાતનું પ્રમાણ છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'નેશન ફર્સ્ટ'ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે તેમાં વડાપ્રધાનની વતનભૂમિ ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યાં છે

# ગુજરાત વિદ્યાપીઠના દીક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ થયા સહભાગી

## રાષ્ટ્રપતિએ ગુજરાત વિદ્યાપીઠને રાષ્ટ્રનિર્માણ અને આત્મનિર્ભરતાના જીવંત આદર્શોનું ઐતિહાસિક પ્રતીક ગણાવ્યું

અમદાવાદ, તા. ૧૧

ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ ગઈકાલે અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાપીઠના ૭૧મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે, રાષ્ટ્રપતિએ ગુજરાત વિદ્યાપીઠને રાષ્ટ્રનિર્માણ અને આત્મનિર્ભરતાના જીવંત આદર્શોનું ઐતિહાસિક પ્રતીક ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે ગુજરાત વિદ્યાપીઠનું પરિસર આપણા સ્વતંત્રતા સંગ્રામના આદર્શોની પવિત્ર ભૂમિ છે. તેમણે મહાત્મા ગાંધીની પવિત્ર સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપી હતી.રાષ્ટ્રપતિએ નોંધ્યું કે ગુજરાતમાં સ્વરોજગારની સંસ્કૃતિ લાંબા સમયથી અસ્તિત્વમાં છે. તેમણે સ્વરોજગાર અને સ્વનિર્ભરતાને પ્રોત્સાહન આપવાની ગુજરાતની સંસ્કૃતિને દેશભરમાં ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ આ આત્મનિર્ભરતાની સંસ્કૃતિના પ્રણેતા બનશે. તેમણે કહ્યું કે



ભારતને આત્મનિર્ભર બનાવવું એ આપણી રાષ્ટ્રીય પ્રાથમિકતા છે અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્વદેશી અભિયાનમાં સક્રિય ભૂમિકા ભજવવા વિનંતી કરી હતી.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારતને આત્મનિર્ભર બનાવવું એ આપણી રાષ્ટ્રીય પ્રાથમિકતા છે અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્વદેશી ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવવા વિનંતી કરી હતી. રાષ્ટ્રપતિએ સ્વતંત્રતા સંગ્રામથી સ્વદેશી મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવામાં સંસ્થાના કાયમી વારસાની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડતા, રાષ્ટ્રપતિ મુર્મુએ ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને રાષ્ટ્રવ્યાપી સ્વદેશી અને આત્મનિર્ભરતા ચળવળના પ્રણેતા તરીકે પ્રશંસા કરી હતી. તેમણે સ્નાતકોને બાહ્ય પડકારોથી નિરાશ ન થવાનો અને હિંમત, ઉચ્ચ આદર્શો અને વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે આગળ વધવાનો આગ્રહ કર્યો હતો.

આ પ્રસંગે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવ ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો અર્પણ કર્યા હતા, જ્યારે પીએચડી, એમ.ફિલ, અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક કાર્યક્રમો સહિત વિવિધ શાખાઓમાં કુલ ૧,૭૧૩ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ મહાત્મા ગાંધીની પવિત્ર સ્મૃતિને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. અગાઉ, રાષ્ટ્રપતિએ દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરી હતી.

# અછતવાળી દવાનો જથ્થો જ પલળી ગયો'તો!

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૭૦૦થી વધુ પ્રકારની દવાઓ છેલ્લા ચાર મહિનાથી ન હોવાની વાતથી મચ્યો તો ઉહાપો : ગાંધીનગરની ટીમે તપાસ હાથ ધરતા ૧૦ કર્મચારીઓની હકાલપટ્ટી

રાજકોટ, તા. ૧૧

સિવિલ હોસ્પિટલ અનેક વખત વિવાદોના વંટોળમાં ઘેરાયેલું રહે છે ત્યારે એક માસ પૂર્વે ૭૦૦થી વધુ પ્રકારની દવાઓનો સ્ટોક ચાર મહિનાથી ખાલી હોવાનો મુદ્દો સળગ્યો હતો અને એ જથ્થો પૂરો પાડતી એજન્સી ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશન લિમિટેડના રાજકોટ સ્થિત વેરહાઉસ માં તપાસ કરવાથી અનેક દવાઓના બોક્સ વરસાદી પાણીમાં પલળી ગઈ હોવાનું માલુમ પડતા જ ભારે ઉહાપો મચ્યો છે અને આ બાબતે તપાસના આદેશો પણ આપવામાં આવ્યા છે

જેના પગલે આરોગ્ય મંત્રીએ આદેશ આપતા ગાંધીનગરથી ટીમ દોડી આવી હતી અને તેના તપાસ રિપોર્ટના આધારે બેદરકારી દાખવનાર હંગામી સ્ટોર મેનેજરને સસ્પેન્ડ કરી દઈ ખાનગી એજન્સીના સિનિયર ફાર્માસીસ્ટ, પેકર્સ, પ્યુન અને ફાઈનાન્સના એક કર્મચારીને પરભેગા કરી દેવા હુકમ કર્યો છે. આ હુકમને પગલે ખાનગી એજન્સીના અન્ય ત્રણ કર્મચારીઓએ રાજીનામાં ધરી દીધાનું સામે આવ્યું છે.આ મામલે કુલ ૧૦ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સપ્ટેમ્બર-૨૦૨૫માં રાજકોટના મોરબી રોડ ઓવરબ્રિજ પાસે આવેલ ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડના વેર હાઉસમાં સ્થાનિક સ્ટાઇની બેદરકારીને કારણે સતત બીજા વર્ષે લાખો રૂપિયાની દવાઓનો જથ્થો પલળી જતા દેકારો બોલી



ગયો હતો. નોંધનીય છે કે, ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડના વેર હાઉસમાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલ, મોરબી અને જૂનાગઢ જિલ્લાની તમામ સરકારી હોસ્પિટલોને દવાઓનો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે. આ અગાઉ વર્ષ ૨૦૨૪માં પણ મોટા પ્રમાણમાં દવાઓ પલગી ગઈ હતી. આ વર્ષ પણ દવાઓનો જથ્થો પલળી જતા જીએમએસસીએલના એમડી દિગંત બ્રહ્મભટ્ટે ગાંધીનગરથી બે અપિકાલીઓની ટીમને તાત્કાલિક તપાસ માટે દોડાવી હતી.

બીજી તરફ રાજકોટ ખાતે તપાસ માટે આવેલ જીએમએસસીએલના જનરલ મનેજર પી.વી.ગોડલીયા અને ડેપ્યુટી જનરબ મેનેજર દ્વારા ધગધગતો રિપોર્ટ કરવામાં આવતા એમડી દિગંત બ્રહ્મભટ્ટ રાજકોટ જીએમએસસીએલના સ્ટોર મેનેજરને સસ્પેન્ડ કરવા હુકમ કરી એમ.જે. સોલંકીના કોન્ટ્રાક્ટરના માણસ એવા એક સિનિયર ફાર્માસીસ્ટ, ત્રણ પેકર્સ, એક ખૂન અને ફાયનાન્સની કામગીરી કુરતા એક કર્મચારીને છુટા કરવા આદેશ કર્યો હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ છ કર્મચારીઓ સામે પગલાં લેવાયા બાદ અન્ય ત્રણ ખાનગી માણસોએ રાજીનામા ધરી દેતા દેવા પલળી જવા પ્રકરણમાં ૧૦ સામે પગલા લેવાતા ખળભળાટ મચી ગયો છે.



# 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે કાલે વોકાથોન

## ધારાસભ્ય દર્શિતા શાહ હસ્તે ફ્લેગઓફ : ૭.૪૧ કરોડના વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરાશે

રાજકોટ, તા.૧૧

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે થીમેટીક દિવસ તરીકે ઉજવણી કરવા 'વોકાથોન'નું આયોજન કરેલ છે. આ 'વોકાથોન'નું ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહના વરદ હસ્તે ફ્લેગ ઓફ કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયાના ઉપસ્થિત રહેશે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે થીમેટીક દિવસ તરીકે ઉજવણી કરવા 'વોકાથોન'નું આયોજન કાલે સવારે ૦૭:૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળીભવન ચોક, રેસકોર્ષ રિંગ રોડ ખાતેથી ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના વરદ હસ્તે ફલેગ ઓફ કરી, શુભારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયાના ઉપસ્થિત રહેશે.

પહેલું સુખ તે જાતે નર્યા આપણી પાસે ગમે તેટલી સંપતિ હશે પરંતુ શરીર સુખ નહી હોય તો તે વ્યર્થ છે જેથી આજના દોડધામના સમયમાં શરીરની તંદુરસ્તી માટે કસરત , સાઈકલીંગ, યોગ, પ્રાણાયમ, વગેરે આરોગ્યની જાળવણી માટે અગત્યનો ભાગ ભજવે છે. એક્સરસાઈઝ માટે દરરોજ વોક કરવું પણ ખુબ જ જરૂરી છે. શહેરના નાગરીકો નોન મોટરાઈઝ્ડ વ્હીકલથી જાગૃત થાય, નિરોગી રહે, સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોકાથોનનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાસંદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલિયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, અધિકારી-કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેશે. આ વોકાથોનમાં વધુને વધુ શહેરીજનોને લાભ લેવા તથા લાભ લેનાર નાગરિકોને પ્રોત્સાહિત કરવા શહેરીજનોને ઉમટી પડવા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે તા.૧૨ અને તા.૧૩ ઓકટોબરના રોજ રૂ.૭.૪૧ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવશે, સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવેલ, વોકાથોન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમજ સરકારી યોજનાઓથી જન-જાગૃતિ લાવવા અને છેવાડાના માનવીને વિકાસના પ્રવાહમાં સક્રિયપણે જોડવા માટેના અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવેલ છે.

# મધ્યસ્થ જેલમાં વિશ્વ માનસિક આરોગ્ય સપ્તાહની ઉજવણી

## વિવિધ પ્રવૃત્તિઓમાં લોકો જોડાયેલા રહે તે ખુબજ જરૂરી : જાગૃતિ કાર્યક્રમો, રમતોની સ્પર્ધાઓ તથા માર્ગદર્શનાત્મક વ્યાખ્યાનોનું આયોજન




રાજકોટ, તા. ૧૧

હાલ લોકો જે સ્થિતિમાં જોવા મળી રહ્યા છે તેનાથી એ વાત તો સ્પષ્ટ છે કે તેમના પર માનસિક તણાવ અને દબાણ સતત વધી રહ્યું છે પરિણામ સ્વરૂપે જે જીવનથી આનંદ લેવાનો હોય તે લોકો લઈ શકતા નથી અને તેઓની માનસિક સ્થિતિ અને તેમનું આરોગ્ય પણ ઘણાખરા અંશે જોખમાતું હોય છે ત્યારે વિશ્વ માનસિક આરોગ્ય સત્તાની ઉજવણી માત્ર રાજકોટ સૌરાષ્ટ્ર કે ગુજરાત પૂરતી જ સીમિત નથી આ અભિયાન અને ઉજવણી દેશભરમાં થઈ રહી છે. તબીબો નું માનવું છે કે માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિમાંથી સફાળે બહાર નીકળી શકે છે અને યોગ્ય રીતે તે જીવન નિર્વાહ પણ કરી શકે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ વિશ્વ માનસિક આરોગ્ય સપ્તાહની ઉજવણી ઠેર ઠેર થતી હોય છે.

વિશ્વ માનસિક આરોગ્ય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયના સહયોગથી ૧૦ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિશ્વ માનસિક આરોગ્ય સપ્તાહ નું આયોજન કરવામાં આવેલ છે.આ સમયગાળ દરમ્યાન બંદીવાનોના માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવા વિવિધ જાગૃતિ કાર્યક્રમો, રમતોની સ્પર્ધાઓ તથા માર્ગદર્શનાત્મક વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવેલ છે.

આ સપ્તાહની શરૂઆત તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અધિક્ષક વાગિશા જોષી(ઈંઝ્જ)નાઓના નેતૃત્વ હેઠળ સિનિયર જેલર બી.બી.પરમારનાઓના સંબોધનથી કરવામાં આવેલ. ત્યારબાદ મનોચિકિત્સક ડો. હરેશ બરવાળિયા તથા ફોરેન્સિક સાયકોલોજિસ્ટ રજત એમ. મિશ્રાનાઓ દ્વારા ''જેલમાં માનસિક આરોગ્યની સાર સંભાળ કેવી રીતે રાખવી વિષય પર રસપ્રદ માહિતી સાથે વ્યાખ્યાન આપવામાં આવેલ. બીજી મોટી વાત એ પણ છે કે જ્યારે કોઈ વ્યક્તિ એકલતાનો અનુભવ કરતો હોય તો તે માનસિક અસ્વસ્થ થતો હોય છે ત્યારે જરૂરી છે કે તે વ્યક્તિ કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં સહભાગી બને ત્યારે રમતગમત છે કે અન્ય કોઈ પ્રવૃત્તિ કે જેમાં મન પોરવાયેલું રહે અને એ કામગીરી કરવાથી એક અનેરો આનંદ મળે તે પ્રવૃત્તિ નિયમિતપણે સમયાંતરે કરતી રહેવી જોઈએ આ અંગેની જાગૃતતા લોકોમાં કેળવાય તે હેતુસર વિવિધ એસોસિએશનઓ અને સામાજિક સંસ્થાઓ દ્વારા આ પ્રકાર એના આયોજનો સમયાંતરે કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. જો આ તમામ કામ યોગ્ય રીતે અને યોગ્ય સમયે કરવામાં આવશે તો લોકોનું સ્વાસ્થ્ય માનસિક રીતે પણ સુધારશે અને તેઓ ખૂબ સારી રીતે કાર્યશીલ પણ થઈ શકશે.



# છેવાડાના વિસ્તારમાં હજુ બે વર્ષ ટેન્કર મારફતે મળશે પીવાનું પાણી

## સૌની યોજના છતાં મનપા ટેન્કર ઉપર નિર્ભર : ૬ કરોડના ખર્ચ સાથે ટેન્ડર પ્રસિદ્ધ

રાજકોટ, તા. ૧૧

એક સમય રાજકોટ નપાણીયુ શહેર તરીકે ઓળખાતું હતું પરંતુ ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના અથાગ પ્રયત્નોથી રાજકોટમાં સૌની યોજના આધારિત નર્મદા નું પાણી પૂરું પાડવાની યોજના અમલી બનાવવામાં આવી જેને ધ્યાને લઈ રાજકોટમાં હવે પાણી પ્રશ્ન ભૂતકાળ બની રહે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જો વરસાદ ન આવે અથવા તો ઓછો પડે તો પણ રાજકોટના જીવા દોરી સમાન જે ડેમો છે તે ભરાઈ જાય તે માટે સૌની યોજના અમલી બનાવવામાં આવી. સાથોસાથ અંતરમાળખાકીય સુવિધા વધુ મજબૂત બને અને લોકોના ઘરમાં પીવાનું પાણી નિયમિત મળતું રહે તે માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ લોકોને કમનસીબી ગણવી કે તંત્રની નબળી કામગીરી આજે પણ ઘણા ખરા પરિવારો એવા છે કે તેઓને નળમાંથી પાણી મળતું નથી અને પછાત વિસ્તારો આજે પણ પીવાના પાણીથી વંચિત જોવા મળી રહ્યા છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ઘણા ખરા વિસ્તાર એવા છે કે જે હજી કોર્પોરેશનમાં ભળીયા જ હોય અને પાણીની પાઇપલાઇન ના કામ બાકી રહ્યા હોય તો તેઓએ ના છૂટકે ટેન્કર દોડાવા પડે છે અને તે માટેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. હવે પ્રશ્ન એ છે કે જો સૌની યોજના મારફતે કામ થઈ જતું હોય તો નળ ની લાઈન તાકીદે નાખવામાં આવે જેથી ટેન્કરનો પ્રશ્ન ભૂતકાળ બની રહે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ મહાનગર પાલિકા દ્વારા પાણીના ટેન્કરો દોડાવવા માટે ૬ કરોડના ખર્ચે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. લોકોને એક જ પ્રશ્ન સતાવી રહ્યો છે કે જે પીવાનું પાણી છે તે તેઓને નિયમિત મળતું રહે ત્યારે નવા ભણેલા વિસ્તારોને પણ ઝડપભેર પીવાના પાણીની લાઈન આપવામાં આવે જેથી તેઓ પાણીની સમસ્યાથી બચી શકે હાલના તબક્કે હજુ પણ ઘણા પરિવારો એવા છે કે જે નળ કનેક્શનની વાટ જોઈ રહ્યા છે.

ત્રણેય ઝોનમાં આગામી બે વર્ષ સુધી પીવાનું પાણી ટેન્કર મારફત પહોંચાડવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. વોટરવર્કસ વિભાગમાંથી જાણવા મળેલ વિગત મુજબ આજે પણ સેન્ટ્રલ ઝોનના ઘણા વિસ્તારમાં ટેન્કરથી પાણી મોકલવામાં આવે છે. તેવી જ રીતે નવા વિકસતા વેસ્ટ અને ઈસ્ટ ઝોનના અનેક વિસ્તારોમાં ટેન્કર મારફતે પાણી આપવા માટે ટેન્ડર પ્રસિધ્ધ થયું છે.

શહેરના ત્રણેય ઝોનમાં હજૂ પણ બે વર્ષ અનેક લોકોએ ટેન્કર મારફતે પીવાનું પાણી લેવુ પડશે. જેના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઇ છે. જેમાં ઇસ્ટ ઝોનમાં નવા વિસ્તારોમાં પાણી આપવા માટે રૂા.૩.૦૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે અને તમામ વિસ્તારોમાં ટેન્કર દોડવવામાં આવશે.

તેવી જ રીતે સેન્ટ્રલ ઝોનમાં પણ ટ્રેક્ટર મારફતે પાણી વિતરણ પાછળ એક કરોડનો ખર્ચ કરાશે અને વેસ્ટ ઝોનમાં નવા વિસ્તારોમાં પાણી સપ્લાય કરવા માટે રૂા.૧.૨૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેના લીધે આગામી બે વર્ષમાં ત્રણેય ઝોનમાં પાણી વિતરણ માટે રૂા.૬ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવનાર છે.

નવા વિસ્તારોમાં નળ સુવિધા માટે પાણીની પાઇપ લાઇન નાખવાની કામગીરી ચાલુ છે ત્યારે પ્રાથિમક ધોરણે પીવાનુ પાણી પુરુ પાડવા માટે ટેન્કર દ્વારા વિતરણ વ્યવસ્થા ઉભી કરાશે. પૂરા રાજકોટમાં હાલ ડીઆઇ પાઇપલાઇનના કામો મોટા પ્રમાણમાં ચાલી રહ્યા છે.

નવા ભળેલા અનેક વિસ્તારોમાં પહેલેથી પીવાના પાણીની ડીઆઇ પાઇપલાઇનનું નેટવર્ક મળી રહ્યું છે. તો જુના રાજકોટના વિસ્તારોમાં પણ આ વર્ષમાં ડીઆઇ લાઇનના ખુબ કામ થયા છે. રાજકોટમાં આ રસ્તે પીવાના પાણીનું મજબુત નેટવર્ક ઉભુ થવાનું છે. પરંતુ છેવાડે આવેલા, નદી કાંઠા કે ઝુંપડાના વિસ્તારોમાં આવશ્યક સેવાના ભાગરૂપે વધારાનો ખર્ચ કરીને પણ કોર્પો. ટેન્કર દોડાવે છે તે હકીકત છે.

# ગ્રાન્ટેબલ શાળાના ૧૫૦ નવનિયુક્ત શિક્ષકો ત્રણ માસથી પગાર વંચીત

## કોંગ્રેસના રોહિતસિંહ રાજપૂતની DEO ને રજૂઆતઃ તાત્કાલિક પગાર ચૂકવવા અપીલ : આંદોલનની આપી ચીમકી

રાજકોટ, તા. ૧૧

રાજ્યભરમાં તાજેતરમાં ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં નવનિયુક્ત શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી તે પૈકી રાજકોટ જિલ્લાના ૧૫૦ થી વધુ શિક્ષકોની રાજકોટ જિલ્લાના અલગ અલગ ગામડાઓની શાળાઓમાં નિમણૂક કરવામા આવી હતી. જુલાઈ મહિનામા નિમણૂક થયા બાદ આ તમામ શિક્ષકોને હાલ સુધી તંત્ર દ્વારા એક પણ રૂપિયો પગાર ચૂકવવામા આવ્યો નથી. રાજ્યના અન્ય જિલ્લાઓ જેમ કે બોટાદ, દાહોદ, અમદાવાદ વગેરેમા આ જ પ્રકારે નિમણૂક પામેલા શિક્ષકોને નિયમિત માસિક પગાર મળી રહ્યો છે. ત્યારે શિક્ષકોના મુદ્દે આજે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે રાજકોટના જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરી હતી.

રાજપૂતે રજૂઆતમા ઉમેર્યું કે રાજકોટ



જિલ્લાના આશરે ૧૫૦થી વધુ શિક્ષકો એવા છે જેઓએ ૨૮ જુલાઇ ૨૦૨૫ના રોજ નિમણૂક પામેલી શાળાએ હાજર થયા હોવા છતાં આજની તારીખ સુધી (ઓક્ટોબર ૨૦૨૫) ત્રણ મહિના પસાર થયા છતાં પણ એક રૂપિયો પગાર પ્રાપ્ત કર્યો નથી.

રાજ્ય સરકાર તરફથી તાજેતરમા સરકારી કર્મચારીઓ માટે દિવાળી બોનસ અને એડવાન્સ પગારની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે રાજકોટ જિલ્લાના આ શિક્ષકો હજી સુધી નિયમિત પગાર વિના તહેવાર ઉજવવા મજબૂર છે. આ તમામ શિક્ષકોમો જુલાઇ (૩ દિવસ), ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાનો કુલ રૂ. ૮૫,૫૪૮ જેટલો પગાર બાકી છે. આ નવનિયુક્ત શિક્ષકોના ઊળાહજ્ઞુયય ઈજ્ઞમય મેળવ્યા બાદ પણ પ્રક્રિયા ધીમી ગતિએ માત્ર રાજકોટમા જ ચાલી રહી છે તેવું સ્પષ્ટ દેખાય રહ્યું છે.

તેઓએ રજૂઆતમા તંત્રની બેદરકારી સામે સવાલો ઉભા કરતા કહ્યું કે આ બાબત માત્ર પ્રશાસકીય વિલંબ નથી પરંતુ નવયુવાન શિક્ષકોના મનોબળ પર ગંભીર અસર કરે છે, કારણ કે સરકારી નોકરી મળવું તેમના માટે જીવનનું એક મોટું સ્વપન હોય છે. જોડાણી બાદ ત્રણ મહિના સુધી એક રૂપિયો ન મળવો એ શિક્ષણ વિભાગની પ્રતિષ્ઠાને પણ અસરકારક રીતે નુકસાન પહોંચાડે છે.

રાજપૂતે રજૂઆતની અંતમા માંગ કરી હતી કે આ તમામ શિક્ષકોને દિવાળીએ પોતાના પરિવાર સાથે આનંદપૂર્વક તહેવાર ઉજવવાની તક મળે તે માટે આ તમામ નવનિયુક્ત શિક્ષકોના બાકી રહેલા પગારની તાત્કાલિક ચુકવણી થાય અને રાજ્ય સરકારે જાહેરાત મુજબ એક પગાર એડવાન્સનો લાભ અપાય અન્યથા આવનારા અઠવાડિયામા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીનો ઘેરાવ અમારી ટીમ કરશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. હવે જોવું રહ્યુ કે આ જિલ્લા શિક્ષણ અધિકારી આ મુદ્દે માનવીય સંવેદના દાખવી આ સમસ્યાને ઉકેલશી કે આ શિક્ષકોની દિવાળી બગડશે !

# ચેક ક્લિયરિંગમાં પડતી મુશ્કેલી અંગે RBI ગવર્નરને રાજકોટ ચેમ્બરનો પત્ર

## કર્લીયરીંગમાં પડી રહેલી મુશ્કેલીઓનું તાત્કાલીક નિરાકરણ લાવવા માંગ : સમાન દિવસે ચેક કલીયરીંગની પ્રથા વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને ખુબ જ લાભદાયી, પરંતુ ટેકનિકલ ખામીથી બની ગયો અભિશાપ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા હાલમાં વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને ચેક કર્લીયરીંગમાં પડી રહેલી મુશ્કેલીઓનું તાત્કાલીક નિરાકરણ લાવવા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી.

સરકાર દ્વારા અમલીકૃત કરેલ સમાન દિવસે ચેક કલીયરીંગની પ્રથા વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને ખુબ જ લાભદાયી નિવડશે તેમજ આ સમગ્ર પ્રક્રિયાને કારણે આધુનીક ચેક પેમેન્ટ પ્રોસેસના અમલથી નાણાંકીય વ્યવહારો ઝડપી, સરળ અને સલામત બનશે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પરંતુ ઉપરોકત સીસ્ટમના યોગ્ય અને અપુરતા અમલીકરણના કારણે તેમજ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના સર્વર ડાઉન અને અક્ષમ્ય ઢીલને કારણે




ખાતેદારોના ખાતામાં એ જ દિવસે ચેક જમા થવાના બદલે ચાર થી પાંચ દિવસથી વધુનો સમય લાગે છે. ખાસ કરીને જે કોઈ ખાતેદાર તેના ખાતામાં ચેક જમા કરે છે અને તે જ દિવસે જમા થઈ જશે તેમ માની અન્ય કોઈને ચેક ઈશ્યું કરે અને તે રકમ ખાતામાં જમા ન થાય ત્યારે ચેક બાઉન્સના પ્રશ્નો ઉદભવે છે. જેનાથી વેપાર-ઉદ્યોગકારોની શાખને પણ નુકશાની પહોંચે છે. વધુમાં હાલ દિવાળી તહેવારની સિઝનમાં નાણાંકીય વ્યવહારો ખુબ જ મોટી સંખ્યામાં થવા પામતા હોય છે. ત્યારે આવી મુશ્કેલીઓનો વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને સામનો કરવો પડે તે અયોગ્ય જણાઈ રહયું છે.

જો આ પરિસ્થીતી લાંબો સમય સુધી ચાલુ રહેશે તો સમગ્ર વેપાર-ઉદ્યોકારોને અનેક નાણાંકીય મુસીબતો અને પ્રતિષ્ઠાના પ્રશ્નો ઉદભવશે. સાથે જ આમ જનતાને પણ અનેક તકલીફો અને અસુવિધાઓ ભોગવવી પડશે. તમામ ક્ષેત્રોના રોજ બરોજના નાણાંકીય વ્યવહારો સાથે આ સમસ્યા સીધી જ સંકળાયેલ હોય હાલમાં ચેક કલીયરીંગમાં વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને પડતી મુશ્કેલીઓની ગંભીર નોંધ લઈને વ્હેલીતકે નિરાકરણ લાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગર્વનર સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ઝગમગ ડગમગ

## સોના-ચાંદીની કિંમતોમાં અસામાન્ય હલચલ આશંકાથી પર નથી



દિપાવલી એટલે લક્ષ્મીજીને પ્રસન્ન-વંદન કરવાનો અવસર. શાસ્ત્રો પ્રમાણે સુવર્ણમાં લક્ષ્મીજી તત્વરૂપે બિરાજમાન હોય છે. ઘણાં લોકો લક્ષ્મી પૂજનમાં સોનુ અને ચાંદી ધાતુની પણ પૂજા કરે છે. સનાતન પરંપરામાં આ બન્ને ધાતુ પવિત્ર અને કિંમતી છે.

આ વર્ષે દિપાવલીના પર્વે સોનુ-ચાંદી વધારે પડતા કિંમતી થઇ ગયા છે. છેલ્લા છ મહિનામાં સોનામાં રેકોર્ડબ્રેક તેજી જોવા મળી છે. હજુ પણ કિંમતોની અસ્થીરતાનો પાર નથી. તોલે બે-ચાર હજારની વધઘટ સામાન્ય બની ગઇ છે. છેલ્લા બે મહિનામાં ચાંદીમાં પણ અકલ્પનીય તેજી જોવા મળી છે.

રાજકોટની સોની બજાર વિશ્વસ્તરે નામના ધરાવે છે. આ માર્કેટમાંથી પ્રાપ્ત થયેલી માહિતી પ્રમાણે રાજકોટમાં ચાંદીમાં હાજર અને વાયદાની કિંમતોમાં ગજબ તફાવત સર્જાતા વ્યાપાર ઠપ્પ કરવો પડ્યો હતો. આ તફાવત રૂા. ૨૦૦૦ સુધીનો જોવા મળ્યો હતો.

સોના-ચાંદીના ઘરેણા પરંપરાઓથી પ્રિય છે. આ બન્ને ધાતુઓમાં મૂડી રોકાણ પણ થતું હોય છે. જો કે, વર્તમાન સમયમાં અચાનક સર્જાયેલા વૈશ્વિક પ્રવાહોના કારણે બન્ને ધાતુની કિંમતો આસમાને આંબી રહી છે.

વિશ્વસ્તરના ઘણાં નિષ્ણાતો માને છે કે, આ પ્રવાહો ષડયંત્રનો ભાગ છે. સ્વાર્થ સધાઇ ગયા બાદ સોના-ચાંદીની કિંમતોમાં અચાનક અકલ્પનીય કડાકા બોલશે. જેપી મોર્ગનના નિષ્ણાતોએ સોનાની કિંમત ૪૦ ટકા સુધી તૂટી પડવાની આગાહી કરી છે.

બીજી તરફ જેફરીઝના ક્રિસ વુડના વિશ્લેષણ પ્રમાણે સોનાની કિંમત ૧૦ ગ્રામના બે લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. દેશ-વિદેશના અનેક નામી નિષ્ણાતોએ સોના-ચાંદીની કિંમતો માટે વિરોધાભાસી આગાહીઓ કરી છે. અનુમાન ક્ષેત્રે તીવ્ર અરાજકતા પ્રવર્તે છે.

આ પ્રવાહમાં સામાન્ય માણસ માટે નિર્ણય કરવો ખૂબ કઠીન બની જાય છે. સોના-ચાંદીના રિયલ વપરાશકર્તા ગ્રાહકો પર રોકાણકારો હાવી થઇ ગયા છે. દિવાળી સમયે પણ કિંમતોમાં અફરા-તફરીનો માહોલ ભારતીય માર્કેટને અસમંજસની સ્થિતિમાં લાવી દે છે.

સોનાની કિંમતોમાં દર કલાકે ૧૦ ગ્રામે બે-પાંચ હજાર રૂપિયાની વધઘટ થઇ રહી છે. એ દર્શાવે છે કે, રિયલ ગ્રાહકોને બદલે રોકાણકારો માર્કેટ પર તીવ્રતાથી હાવી છે. રાજકોટમાં ચાંદીમાં હાજર સ્ટોક અને વાયદા માર્કેટની કિંમતોમાં રૂા. ૨૦૦૦નો કિંમત તફાવત દર્શાવે છે કે, માર્કેટ રિયલ માંગ અને પુરવઠાના સિદ્ધાંત પર આધારિત રહ્યું હોય તેમ નથી લાગતું. કંઇક ગરબડ હશે, પણ તે અંગે તપાસ થાય કે કારણો જાહેર થાય તેવી સંભાવના નહિવત છે. કિંમતો આગ જેવી બની ગઇ છે. તેમાં હાથ નાખતા દાઝી જવાની સંભાવના વધારે રહે છે.



# અમેરિકાએ ચીન પર લગાવ્યો ૧૦૦ ટકા ટેરિફ

## ૧ નવેમ્બરથી ચીનથી આયાત કરાયેલા તમામ ઉત્પાદનો પર લાગશે નવો ટેરિફ દર

નવીદિલ્હી, તા. ૧૧

અમેરિકન ઉદ્યોગો માટે જરૂરી દુર્લભ પૃથ્વી તત્વોના નિકાસ પર ચીન દ્વારા પ્રતિબંધ મૂક્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે. ટ્રમ્પે આને ચીનના આક્રમક વલણ તરીકે ગણાવીને હવે ચીની ઉત્પાદનો પર વધુ ટેરિફની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે ૧ નવેમ્બરથી, અમેરિકા ચીનથી આયાત કરાયેલા તમામ ઉત્પાદનો પર ૧૦૦% ટેરિફ લાદશે. આ પહેલાથી જ લાગુ ટેરિફ ઉપરાંત હશે. વધુમાં, અમેરિકા તે જ દિવસે બધા સોફ્ટવેર પર નિકાસ નિયંત્રણો પણ લાદશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમણે ચીન પર ૧૦૦% ટેરિફની જાહેરાત પછી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની મુલાકાત રદ કરી હતી, ત્યારે ટ્રમ્પે કહ્યું, ''ના, મેં તેને રદ કર્યું નથી. પરંતુ મને ખબર નથી કે અમે કરીશું કે નહીં.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જો ચીન નિકાસ નિયંત્રણો હટાવે છે તો તેઓ વધારાના ટેરિફ હટાવશે, ત્યારે તેમણે કહ્યું, ''આપણે જોઈશું કે શું થાય છે. એટલા માટે મેં તેને ૧ નવેમ્બર માટે નક્કી કર્યું છે.'' અગાઉ, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ચીને વેપાર પર અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે, તેમણે વિશ્વને એક અત્યંત પ્રતિકૂળ પત્ર મોકલ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, ૧ નવેમ્બર, ૨૦૨૫ થી, તેઓ તેમના દ્વારા ઉત્પાદિત લગભગ દરેક ઉત્પાદન પર વ્યાપક નિકાસ નિયંત્રણો લાદવા જઈ રહ્યા છે, કેટલાક એવા ઉત્પાદનો પર પણ જે તેઓ નથી કરતા. આ બધા દેશોને અસર કરે છે, અને આ યોજના દેખીતી રીતે તેમના દ્વારા વર્ષો પહેલા ઘડવામાં આવી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય વેપારમાં આ સંપૂર્ણપણે અજાણ્યું છે અને અન્ય દેશો સાથે વ્યવહાર કરવામાં નૈતિક અપમાન છે. એવું માનવું અશક્ય છે કે ચીને આવું પગલું ભર્યું હશે, પરંતુ તેઓએ લીધું છે, અને બાકીનું ઇતિહાસ છે. શુક્રવારે અગાઉ, ટ્રમ્પે કહ્યું હતું કે બેઇજિંગ દ્વારા દુર્લભ પૃથ્વી તત્વો પર નવા નિકાસ નિયંત્રણો લાદીને ખૂબ જ પ્રતિકૂળ વલણ અપનાવ્યા પછી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મળવાનું કોઈ કારણ નથી.

તેમણે ચેતવણી આપી હતી કે યુએસ ચીની માલ પર ટેરિફમાં નોંધપાત્ર વધારો સહિત મજબૂત બદલો લેવાના પગલાં સાથે પ્રતિક્રિયા આપવાની તૈયારી કરી રહ્યું છે. સ્માર્ટફોનથી લઈને ફાઇટર જેટ સુધીની દરેક વસ્તુમાં વપરાતા દુર્લભ પૃથ્વીના વૈશ્વિક પ્રક્રિયામાં પ્રભુત્વ ધરાવતા ચીને તેના પ્રતિબંધિત ખનિજોની હાલની યાદીમાં પાંચ નવા તત્વો - હોલ્મિયમ, એર્બિયમ, થુલિયમ, યુરોપિયમ અને યટરબિયમ - ઉમેર્યા છે, જેનાથી કુલ ૧૭ પ્રકારોમાંથી ૧૨ થઈ ગયા છે. નિકાસ લાઇસન્સ હવે ફક્ત તત્વો માટે જ નહીં પરંતુ ખાણકામ, ગંધ અને ચુંબક ઉત્પાદન સંબંધિત તકનીકો માટે પણ જરૂરી રહેશે. ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષા અને હિતોનું રક્ષણ કરવાનો છે અને લશ્કરી અને અન્ય સંવેદનશીલ ક્ષેત્રોમાં સામગ્રીનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગ થતો અટકાવવાનો છે.

# બિહાર ચૂંટણી પ્રચારમાં યોગી આદિત્યનાથની એન્ટ્રી

## CM યોગીની બિહારમાં લોકપ્રિયતા છે : ૨૦થી વધુ રેલીઓ કરશે



નવીદિલ્હી, તા. ૧૦

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની લોકપ્રિયતાને ટાંકીને NDA એ બિહાર વિધાનસભા ચૂંટણીમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. NDA ગઠબંધનના ઉમેદવારોએ ઈખ યોગીને બિહારમાં ચૂંટણી પ્રચારમાં જોડાવા વિનંતી કરી છે. સૂત્રો સૂચવે છે કે CM યોગી ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયામાં પોતાનો પ્રચાર શરૂ કરી શકે છે. માહિતી મળી રહી છે કે યોગી આદિત્યનાથ બિહાર ચૂંટણીમાં ૨૦ થી વધુ રેલીઓ કરશે. બિહાર ઉત્તર પ્રદેશનું પડોશી રાજ્ય છે, જે એક સામાન્ય સરહદ ધરાવે છે. તેઓ ઘણા સમાન રિવાજો અને પરંપરાઓ ધરાવે છે, અને એક સામાન્ય ભાષા અને બોલી ધરાવે છે. પરિણામે, CM યોગી બિહારમાં ઘણી લોકપ્રિયતા ધરાવે છે. ભાજપ આનો લાભ લેવા માટે ઉત્સુક છે.

માહિતી અનુસાર, CM યોગી બિહારના મધ્ય અને ઉત્તરીય પ્રદેશોમાં પ્રચારનું નેતૃત્વ કરી શકે છે. ઉત્તર બિહારના જિલ્લાઓમાં માતા જાનકીના જન્મસ્થળ મિથિલા અને સીતામઢી જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. પુનૌરામાં એક ભવ્ય જાનકી મંદિર બનાવવામાં આવી રહ્યું છે. મિથિલા અને અવધનો સદીઓ જૂનો સંબંધ છે. જો CM યોગી અહીં પ્રચાર કરે છે, તો તેનો ફાયદો ગઠબંધનને થશે. બિહાર વિધાનસભા ચૂંટણી માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ચૂંટણી રેલીઓની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. ઔપચારિક જાહેરાતની રાહ જોવાઈ રહી છે.

નોંધનીય છે કે બિહાર વિધાનસભાની ચૂંટણી ૬ અને ૧૧ નવેમ્બરના રોજ યોજાવાની છે. મુખ્યમંત્રી યોગી ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયામાં પોતાનો પ્રચાર શરૂ કરશે. ગઉઅ માને છે કે મુખ્યમંત્રી યોગી એક ઉત્તમ વક્તા છે અને તેમની શક્તિશાળી બોલવાની શૈલી બિહાર ચૂંટણી પર નોંધપાત્ર અસર કરી શકે છે. તેમની સ્વચ્છ છબી અસરકારક રહેવાની શક્યતા છે. હકીકતમાં, યોગી આદિત્યનાથની છબી તેમના હિન્દુત્વ વલણ અને કડક શાસન માટે જાણીતી છે. તેમને ઉત્તર પ્રદેશના વિકાસ પુરુષ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના ભાષણો આક્રમક છે, જે તેમના સમર્થકોને ઉત્સાહિત કરવા માટે જાણીતા છે. જેમ જેમ બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ ભાજપની નવી વ્યૂહરચના જાહેર થઈ રહી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ બિહાર ચૂંટણી પ્રચારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. અહેવાલો અનુસાર, મુખ્યમંત્રી યોગી બિહારમાં ૨૦ થી વધુ રેલીઓને સંબોધિત કરશે.

## કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ આ મુદ્દે વડાપ્રધાન મોદી પાસે માંગી સ્પષ્ટતા, કહ્યું સક્ષમ મહિલાઓનું થયું છે અપમાન

# અફઘાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીની પ્રેસ કોન્ફરન્સમાં મહિલા પત્રકારો પર પ્રતિબંધ



નવીદિલ્હી, તા. ૧૧

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી ભારતની મુલાકાતે છે. શુક્રવારે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની તેમની મુલાકાત હેડલાઇન્સમાં રહી હતી, પરંતુ બેઠક પછીની પ્રેસ કોન્ફરન્સમાં મહિલા પત્રકારોની ગેરહાજરી પણ ચર્ચાનો વિષય બની હતી અને વિપક્ષ હવે તેનો ઉપયોગ સરકાર પર હુમલો કરવા માટે કરી રહ્યું છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીની પ્રેસ કોન્ફરન્સમાં મહિલા પત્રકારો પર પ્રતિબંધ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી સ્પષ્ટતા માંગી હતી. તેમણે આ ઘટનાને ભારતની કેટલીક સૌથી સક્ષમ મહિલાઓનું અપમાન ગણાવી હતી.

પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડ' પર નરેન્દ્ર મોદીને ટેગ કરીને લખ્યું, ''જો મહિલા અધિકારો પ્રત્યેની તમારી પ્રતિબદ્ધતા માત્ર ચૂંટણીલક્ષી રીતે અનુકૂળ યુક્તિ નથી, તો પછી આપણા દેશમાં મહિલાઓનો આ અનાદર કેવી રીતે થવા દેવામાં આવ્યો?'' તેમણે કહ્યું કે મહિલાઓ દેશની કરોડરજ્જુ છે અને આ ઘટનાએ તેમનું અપમાન કર્યું છે. શુક્રવારે અફઘાન દૂતાવાસમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જ્યાં મહિલા પત્રકારોને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. આ નિર્ણય તાલિબાનના અધિકારીઓ દ્વારા લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. જોકે, ભારતીય સૂત્રોનો દાવો છે કે ભારતે તાલિબાનને મહિલા પત્રકારોને આમંત્રણ આપવાનું સૂચન કર્યું હતું.

પ્રિયંકા ગાંધી ઉપરાંત, ભૂતપૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમે આ ઘટના પર આઘાત વ્યક્ત કરતાં કહ્યું કે પુરુષ પત્રકારોએ બહાર નીકળી જવું જોઈતું હતું. દરમિયાન, સાંસદ કાર્તિ ચિદમ્બરમે તેને ''શરમજનક'' ગણાવ્યું અને વિદેશ મંત્રાલયના વલણ પર નિરાશા વ્યક્ત કરી. તાલિબાન શાસન મહિલાઓના અધિકારોને પ્રતિબંધિત કરવા બદલ વૈશ્વિક ટીકાનો સામનો કરી રહ્યું છે. શુક્રવારે, મુત્તાકીએ અફઘાનિસ્તાનમાં મહિલાઓની દુર્દશા વિશે સીધા પ્રશ્નને ટાળ્યો, પરંતુ કહ્યું કે દરેક દેશના પોતાના રિવાજો, કાયદા અને સિદ્ધાંતો છે, જેનો આદર કરવો જોઈએ. તેમણે દાવો કર્યો કે ઓગસ્ટ ૨૦૨૧ માં તાલિબાન સત્તામાં આવ્યા પછી અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. મુત્તાકીએ સમજાવ્યું કે તાલિબાન સત્તા સંભાળતા પહેલા, અફઘાનિસ્તાનમાં દરરોજ આશરે ૨૦૦ થી ૪૦૦ લોકો માર્યા જતા હતા, પરંતુ હવે શાંતિ છે. ભારતમાં અફઘાન વિદેશમંત્રીની પ્રેસ કોન્ફરન્સમાંથી મહિલા પત્રકારોને બાકાત રાખવા બદલ પ્રિયંકા ગાંધીએ મોદી સરકારની ટીકા કરી છે. તેમણે તેને ભારતીય મહિલાઓનું અપમાન ગણાવ્યું અને પ્રશ્ન કર્યો કે શું મહિલા અધિકારો ફક્ત ચૂંટણી યુક્તિ છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# રાહુલ ગાંધીને મળવો જોઈએ નોબેલ

## કોંગ્રેસના નેતા સુરેન્દ્ર રાજપૂતે મચાડોની તુલના રાહુલ ગાંધી સાથે કરી : તેમણે દાવો કર્યો કે રાહુલ ગાંધી પણ ભારતમાં બંધારણ બચાવવા માટે લડી રહ્યા છે

નવીદિલ્હી તા. ૧૧

શુક્રવારે વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને લોકશાહી અધિકારોના બચાવ માટે નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો. કોંગ્રેસના નેતા સુરેન્દ્ર રાજપૂતે મચાડોની તુલના વિપક્ષી નેતા રાહુલ ગાંધી સાથે કરી. તેમણે દાવો કર્યો કે રાહુલ ગાંધી પણ ભારતમાં બંધારણ બચાવવા માટે લડી રહ્યા છે અને તેથી આ સન્માનના હકદાર છે. રાજપૂતે મચાડો અને રાહુલ ગાંધીનો એક ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો. તેમણે લખ્યું, આ વખતે બંધારણના બચાવ માટે વેનેઝુએલાના વિપક્ષી નેતાને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો છે. ભારતના વિપક્ષી નેતા રાહુલ ગાંધી પણ દેશના બંધારણને બચાવવાની લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે.

ભાજપે રાજપૂતની પોસ્ટને લઈને રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ એક પોસ્ટ શેર કરીને કહ્યું કે કોંગ્રેસ રાહુલ બાબા માટે નોબેલ પુરસ્કારની માંગ કરી રહી છે. તેમને આ પુરસ્કાર મળવો જોઈએ, પરંતુ ૯૯ વખત ચૂંટણી હાર્યા પછી જ. પૂનાવાલાએ કહ્યું કે આ પુરસ્કાર ૧૯૭૫ અને ૧૯૮૪માં દંભ, જુઠ્ઠાણા અને લોકશાહી અને બંધારણની હત્યા માટે પણ મળવો જોઈએ. કોંગ્રેસ લાંબા સમયથી કહે છે કે રાહુલ ગાંધીએ દેશમાં વર્તમાન NDA સરકારની સરમુખત્યારશાહી સામે યુદ્ધ છેડ્યું છે. તેમણે તાજેતરમાં વર્તમાન સરકાર પર સરમુખત્યારશાહી હોવાનો આરોપ લગાવતા અનેક મુદ્દાઓ ઉઠાવ્યા હતા. આ મુદ્દાઓમાં મત ચોરી, બિહારની મતદાર યાદીઓમાંથી મતદારોના નામ જાણી જોઈને કાઢી નાખવા, ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષોને ફાયદો પહોંચાડવા માટે ઊટખ હેકિંગ અને પછાત વર્ગો માટે અનામત નાબૂદ કરવાનો સમાવેશ થાય છે.

મોટાભાગના વિરોધ પક્ષો NDAને પડકારવા માટે ઈન્ડિયા એલાયન્સ બનાવવા માટે એક થયા છે. તેમનો દાવો છે કે બેરોજગારી વધી રહી છે, દેશની અર્થવ્યવસ્થાને નુકસાન થયું છે, લઘુમતીઓ અને અનુસૂચિત જાતિ/જનજાતિઓના અધિકારો સાથે ચેડા કરવામાં આવ્યા છે, અને અવાજો દબાવવામાં આવી રહ્યા છે. તેથી, તેઓ ગઉઅ સરકારને સત્તા પરથી દૂર કરવા માંગે છે. કોંગ્રેસના નેતા સુરેન્દ્ર રાજપૂતે વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડો અને રાહુલ ગાંધીની તુલના કરીને તેમનું સન્માન કરવાની માંગ કરી. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી પણ લોકશાહીના રક્ષણ માટે વર્તમાન સરકાર સામે લડી રહ્યા છે અને તેથી તેઓ નોબેલ પુરસ્કારને પાત્ર છે. ભાજપે આ અંગે કડક પ્રતિક્રિયા આપી અને કહ્યું કે ૯૯ વખત ચૂંટણી હાર્યા બાદ રાહુલ ગાંધીને નોબેલ પુરસ્કાર મળવો જોઈએ.



તહેવારો નજીક છે ત્યારે GST અને આવકવેરા વિભાગ દ્વારા સંયુક્ત રીતે તપાસનો ધમધમાટ

# રાજકોટના શ્રીરામ ફટાકડા સહિત રાજયભરમાં GSTના દરોડા

## અંડર ઇન્વોઈસ બિલિંગ કરતા હોવાની બાતમીના આધારે અમદાવાદ ઈન્વેસ્ટિગેશનની ટીમ ત્રાટકી

રાજકોટ તા. ૧૧

દેશની સેન્ટ્રલ એજન્સી કે સ્ટેટ એજન્સી દ્વારા કોઈ પણ વેપારી કે કરદાતા દ્વારા ચોરી કરવામાં આવતી હોય તો તેના ઉપર આકરા પગલાં લેવામાં આવી રહ્યા છે તેમાં જીએસટી અને ઇન્કમટેક્સ વિભાગ દ્વારા હાલ જે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેનાથી કરદાતાઓને વેપારીઓમાં ફફડાટ મચી ગયો છે દિવાળી આવતાની સાથે જ કહી શકાય કે સેન્ટ્રલ અને સ્ટેટ એજન્સી ની જાણે મોસમ ખીલી હોય તેવું જાણવા મળતું હોય છે. હાલ દિવાળી તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જીએસટી વિભાગ દ્વારા રાજકોટ સહિત રાજ્યમાં ૧૪ જેટલા ફટાકડાના મોટા વેપારીઓ પર કરચોરીની શંકા ના આધારે તપાસ હાથ ધરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે જેને લઈને ફટાકડાના વેપારીઓમાં ફફડાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ રાજકોટમાં આવેલા શ્રીરામ ફટાકડા, ગાંધીધામમાં રામવાણી ગ્રુપ, મોરબીમાં વૈભવ તેમજ અમદાવાદના ત્રણ સુરતના ચાર વડોદરા ના બે તથા જામનગરના એક વેપારીને મળી કુલ ૧૪ જગ્યાઓ પર અમદાવાદની અન્વેષણ વિભાગની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે અને તપાસનો ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે.. અપેક્ષા છે કે આ તમામ જગ્યાઓ માં વેપારીઓ દ્વારા જીએસટીના બિલ વગર માલનું ખૂબ મોટા પ્રમાણમાં વેચાણ કરવામાં આવતું હતું ખાસ કરીને અંડર ઇન્વોઇસ બિલ બનાવીને ગેરરીતિ આચરવામાં આવતી હોવાનું પણ માલુમ પડ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફટાકડાનાં વેપારમાં જીએસટીના બિલ વગર માલનું મોટા પાયે વેચાણ થતું હોય છે. ખાસ કરીને અન્ડર ઇનવોઇસ બિલમાં મોટા ગોટાળા હોવાની શંકાને પગલે ગુજરાત જીએસટી વિભાગની




કડક સૂચનાને પગલે રાજયવ્યાપી દરોડાને પગલે રાજકોટમાં અમદાવાદથી આવેલી એન્ફોર્સમેન્ટ ટીમને શ્રીરામ ફટાકડાના કાળીપાટ નજીક આવેલા ગોડાઉન અને કેનાલ રોડ પર આવેલી દુકાનમાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હોવાનું જીએસટીના સુત્રોએ જણાવ્યું હતું.

આ અંગે વિગતો મુજબ ફટાકડાના વેપારમાં વ્યાપક ટેકસ ચોરી થતી હોય છે જેમાં વેપારી મોટી રકમની ખરીદી કરી બીલ નાની રકમનાં દર્શાવે છે, જેથી આ અન્ડર ઇનવોઇસ બીલના આધારે લાખોની જીએસટી ચોરી કરી સરકારની તિજોરીને નુકસાન પહોંચાડે છે. દરોડાની કાર્યવાહી પછી જીએસટી ચોરી પર ટેકસ અને પેનલ્ટી વેપારીઓને ચુકવવી પડશે. જીએસટીની સાથોસાથ આવકવેરા વિભાગ દ્વારા પણ તપાસનો ધમધમાટ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવે તો પણ નવાઈ નહીં કારણકે હવે કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલાઈઝ પોર્ટલ કરી દેવામાં આવતા જીએસટી ચોરી જે તે વેપારી દ્વારા કેટલા પ્રમાણમાં કરવામાં આવી છે તેનો અંદાજ આવકવેરા વિભાગ પણ લગાવી શકે છે ત્યારે આઈટીમાં પણ કરચોરી કરી છે કે કેમ તે અંગેની તપાસ હાથ ધરવામાં આવશે અને તે પ્રકારનો તખતો પણ ગોઠવી દેવામાં આવ્યો હોય તેવું જાણવા મળી રહ્યું છે.

હાલ જીએસટી અને આવકવેરા વિભાગ દ્વારા સંયુક્ત રીતે તપાસ નો ધમધમાટ વિવિધ જગ્યાઓ પર હાથ ધરવામાં આવી રહ્યો છે કારણ કે સૂત્રોના જણાવ્યા અનુસાર બંને વિભાગો દ્વારા ખાસ્સું રિસર્ચ કર્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું પણ માલુમ પડ્યું છે ત્યારે જોવાનું એ રહ્યું કે ફટાકડાના વેપારીઓ ઉપર જે દરોડાની કામગીરી ચાલી રહી છે તેમાં કેટલા પ્રમાણમાં જીએસટી ચોરી બહાર આવે છે. માત્ર ફટાકડાના વેપારીઓ જ નહીં પરંતુ અન્ય તમામ ક્ષેત્રના વેપારીઓ દ્વારા અંડર ઇન્વાઈઝ બનાવવામાં આવતા હોવાની એક નહીં અને તો વ્યાપક ફરિયાદો જોવા મળી છે અને તેના પર ફાલ એજન્સી દ્વારા તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે.

# ચેક રિટર્ન કેસમાં વીડિયો રેકોર્ડિંગને FSLમાં મોકલવાની માંગણીને કોર્ટે ફગાવી

## ફરીયાદી અજય જોષી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા કરાય ધારદાર દલીલ

રાજકોટ, તા. ૧૧

ચેક રીટર્ન કેસની ફરીયાદ લાવનાર ફરીયાદી વકીલની ઓફીસમાં આરોપીએ કરેલ મોબાઈલ વીડિયો રેકોર્ડિંગની ડી.વી.ડી.ને એફ.એસ.એલ. માં મોકલવાની આરોપીએ કરેલ માંગણી અદાલતે નામંજુર કરી છે.

આ કેસમાં ફરિયાદની વિગત મુજબ, ફરીયાદી અજય કાંતિલાલ જોષી તથા અજય મદનલાલ ચૌહાણએ આરોપીઓ તુષાર કુંદનભાઈ પતીરા, નરેન્દ્ર માધવજીભાઈ પંડયા, વિમલ જીવરાજભાઈ પીપળીયા વિરૂધ્ધ રાજકોટની અદાલતમાં જુદી જુદી ત્રણ ફરીયાદોએ મતલબની દાખલ કરેલ કે, ફરીયાદી અને આરોપીઓ મિત્ર હોય આરોપીઓને અંગત નાણાની જરૂરીયાત ઉપસ્થિત થતા ત્રેણય આરોપીઓને રકમ રૂા.૧૬,૫૦,૦૦૦ મિત્રતાના સબંધેના દાવે આપેલ. આરોપીઓએ પ્રોમીસરી નોટો પણ કરી આપેલ છે.



રકમ પરત અદા કરવા ચેકો આપેલા. જે ૩ ચેક રિટર્ન થતા જુદી જુદી ત્રણ ફરીયાદો દાખલ કરવામાં આવેલ. આ કેસોમાં પુરાવો ચાલી રહેલ હતો દરમિયાન આરોપીઓ તરફથી ડી.વી.ડી. રજુ કરેલ. જે ડી.વી.ડી. ને એફ.એસ.એલ.માં મોકલવા માંગણી કરતી અરજી આપવામાં આવેલ. આરોપી તરફથી રજુઆત કરેલ કે, ફરીયાદી બંને વકીલ હોવાથી વેકેશન વીસ્ટા મેળાના આયોજનમાં ભાગીદારની જગ્યાએ લીગલ એડવાઈઝર તરીકે રહેલ.

જે મેળામાં ખોટ જતા બધા ભાગીદારોએ સરખા હીસ્સે ખોટ શેર કરવાની હોય, તેની જગ્યાએ મેળા વખતે મંજુરીઓ માટે ચેકો રજુ કરવાના બહાને ફરીયાદીઓએ મેળવી લીધેલ ચેકોનો દુરઉપયોગ કરેલ છે. ફરીયાદી વકીલોની ઓફીસમાં જ આરોપીઓએ પોતાના મોબાઈલમાં વીડીયો રેકોર્ડીંગ કરેલ છે. જેથી અરજી મંજુર કરવા દલીલ થઈ હતી.

ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુએ એવી રજુઆત કરેલ કે, ઈલેક્ટ્રોનીક એડીડન્સ રેકર્ડમાં લાવવાની જોગવાઈ પુરાવા અધીનીયમમાં છે, ઈલેક્ટ્રોનીક પુરાવો ક્યારે, કેવી રીતે, કયાં સંજોગોમાં, કયાં માધ્યમથી રેકર્ડ પર લાવવો જોઈએ તે જોગવાઈ અનુસર્યા વગર માત્ર કામ ડીલે કરવાના બદ હેતુથી અરજી આપવામાં આવેલ હોય, આરોપીઓએ આપેલ નોટીસ જવાબ વખતે આવી ડી.વી.ડી. મોકલેલ ન હોય તેમજ પ્રોમીસરી નોટમાં કે ભાગીદારી ડીડમાં આવો કોઈ ઉલ્લેખ ન હોય અને ડી.વી.ડી.ના કેન્ટેન્ટ કબુલ કરેલ ન હોય ત્યારે આરોપીઓની અરજી મંજુર થઈ શકે નહી.

રજુઆતો ધ્યાને લઈ કોર્ટની પ્રક્રિયાનો દુરઉપયોગ અને કાર્યવાહીમાં વીલંબ કરવાનો આરોપીઓનો પ્રયાસ કરવાનું જણાય આવતુ હોય તેમ માની કોર્ટે આરોપીની અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં ફરીયાદી અજય જોષી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ હતા.

# સરકારી જમીન પર દબાણ હટાવતા પડધરી મામલતદાર

## દબાણ કરનારને ફટકાર્યો ૩૭ હજારનો દંડ : કબજો દસ દિવસમાં ખાલી કરવા તાકીદ

રાજકોટ, તા. ૧૧

છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર દ્વારા એક કડક નિયમ ની અમલવારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે મુજબ તમામ જિલ્લા વહીવટી વિભાગને આ અંગે તાકીદ પણ કરવામાં આવી છે જેમાં સરકારી જમીન ઉપર દબાણ કરવામાં આવેલું હોય અથવા તો સરકારી ખરાબમાં જો ખેતી કરવામાં આવતી હોય તો તે તમામ ખરાબાની જગ્યા પર જે દબાણ કરવામાં આવેલું હોય તેનો દંડ વસૂલવામાં આવતો હોય છે આ પ્રકારની ઘટના ની જાણ પડધરી મામલતદારને થતા તાકીદે પગલા લેવાનો નિર્ણય લીધો હતો અને ગામના જગાભાઈ સોલંકીને ૩૭,૦૦૦ નો દંડ ફટકારવાનો હુકમ પણ મામલતદાર દ્વારા કરવામાં આવ્યો. આગામી દિવસોમાં આ પ્રકાર ના દબાણ અથવા તો સરકારી ખરાબમાં ખેતી કરવામાં આવી હોય તે તમામ ઉપર કાયદાકીય પગલાં લેવા માટેનો આદેશ રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા કરવામાં આવેલો છે.



પડધરી મામલતદાર કે.જી. સખીયા દ્વારા સરકારી ખરાબાની જમીન પર ગેરકાયદેસર ખેતી વિષયક દબાણના કેસમાં એક મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે. મેટોડા ગામના જગાભાઈ માધાભાઈ સોલંકીને સરકારી જમીન પર દબાણ કરવા બદલ રૂમ ૩૭,૧૫૨નો દંડ ફટકારવામાં આવ્યો છે અને દબાણવાળી જમીનનો કબજો હુકમ મળ્યાના ૧૦ દિવસમાં ખુલ્લો કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

મેટોડા ગામના સરકારી ખરાબાના સર્વે નંબર ૬૬૬ કે જેનો જુના સર્વે નંબર ૨૦૧ પૈકી ૧ની જમીન પરના દબાણ અંગે હતો. તાલુકા વિકાસ અધિકારી, પડધરીના પત્રથી અરજદાર જગાભાઈ માધાભાઈ દેવીપુજકે આ જમીનમાં દબાણ કરેલ હોવાની ફરિયાદ બાદ નિયમોનુસાર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

નાયબ મામલતદાર (દબાણ)ના અહેવાલ અને પંચરોજકામ મુજબ, સામાવાળા દ્વારા સરકારી ખરાબાની કુલ જમીન હે. ૩૫-૮૭-૨૫ ચો.મી. પૈકી આશરે હે. ૧-૨૧-૪૧ ચો.મી. જમીનમાં વગર પરવાનગીએ આશરે ત્રણ વર્ષથી ખેતી વિષયક દબાણ કરેલું હોવાનું જણાઈ આવ્યું હતું. સામાવાળાએ કોર્ટ સમક્ષ લેખિત/મૌખિક રજૂઆતમાં દબાણ કબૂલ્યું હતું અને જણાવ્યું હતું કે તેઓ ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે અને સ્વેચ્છાએ દબાણ ખૂલ્લું કરી આપવા તૈયાર છે.

મેટોડા ગામની ખેતીની જમીનનો પિયત ભાવ રૂા. ૫૧પ્રતિ ચો.મી. લેખે જંત્રીદર રૂા. ૧૦૨ એટલે બે ગણા નક્કી કરવામાં આવ્યો હતો.

આ મુજબ, ૧૨૧૪૧.૦૦ ચો.મી. જમીન માટે જંત્રી મુજબ કુલ રકમ રૂા. ૧૨,૩૮,૩૮૨/- થાય છે. તેના ૧% લેખે એક વર્ષનો દંડ રૂા. ૧૨,૩૮૪/- ગણવામાં આવ્યો. ત્રણ વર્ષના દબાણ માટે કુલ દંડની રકમ રૂા. ૩૭,૧૫૨ નક્કી કરવામાં આવી છે.

# ધારાસભ્ય ટીલાળા દ્વારા નિશુલ્ક કેન્સર તપાસ-જાગૃતિ કેમ્પ

## ખેતીમાં વધતા જતાં જંતુનાશકો અને રસાયણિક ખાતરોના ઉપયોગને કારણે કેન્સરના રોગોમાં વધારો

રાજકોટ, તા. ૧૧

દોડધામભર્યા જીવનમાં આરોગ્ય પ્રત્યે લાપરવાહી ગંભીર રોગોને જન્મ આપે છે, તેમજ ખેતીમાં વધતા જતાં જંતુનાશકો અને રસાયણિક ખાતરોના ઉપયોગને કારણે કેન્સરના રોગો એક મોટો પડકાર રૂપે ઉભરી રહ્યાં છે. લોકોમાં મોં જડબાના કેન્સર, ગર્ભાશયના મુખના કેન્સર અને સ્તન કેન્સરના કેસો સતત વધી રહ્યા છે. આ કેન્સર રોગની સમયસર નિદાન કરવામાં આવે અને યોગ્ય સારવારથી જીવન બચાવી શકાય છે, અને દર્દી પોતાની સામાન્ય જીંદગી જીવી સકે છે.

આ કેન્સરના ગંભીર રોગ સામે લોકોને જાગૃત કરવા તેમજ લોકોને વ્યસનમુક્તિ માટે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા નિર્વાણ વેલફેર ફાઉન્ડેશન, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ''નિઃશુલ્ક કેન્સર તપાસ તથા જાગૃતિ કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પ આજે સવારે ૮:૩૦ થી બપોરે ૧:૩૦ સુધી મેઘાણી રંગભવન, ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે યોજાશે.

આ કેમ્પમાં કેન્સરના નિષ્ણાત ડોક્ટરો દ્વારા મોં જડબાના કેન્સર, સ્તન કેન્સર તથા ગર્ભાશયના મુખના કેન્સરની નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. ઉપરાંત, રોગ વિશેની માહિતી અને યોગ્ય સારવાર અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે.આ સેવાયજ્ઞમાં લોકો વધુમાં વધુ ભાગ લઈને આરોગ્યપ્રદ જીવન જીવે તેવી અપીલ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવી છે.




ક્રુરતા પુર્વક હત્યા કરી ફેંકી દેવાયેલી લાશનો ભેદ ખુલતાં સામે આવી ચોંકાવનારી હકિકત

# હત્યાનો ભેદ ઉકેલાયો : યુવતિને લવરના મિત્રોએ પતાવી'તી

## ચોર ટોળકીના એક શખ્સની સાથે રહેતી સોનલ પર બીજા બીજા બે સાગરીતે નજર બગાડી બળાત્કારનો પ્રયાસ કરી મોતને ઘાટ ઉતારી દીધી હતીઃ પોલીસે હત્યાનો ભેદ ઉકેલ્યો તેની સાથે ચોરીઓના ભેદ પણ ખુલ્યાઃ એ યુવાનની હત્યા રસ્તે ચાલતી વખતે ધક્કો લાગી જવા જેવી વાતે થઇ હતી!: હત્યારાને પોલીસે શોધી કાઢ્યો

રાજકોટ તા. ૧૧

હત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. અમુક કિસ્સાઓમાં ભેદ તુરત ઉકેલાઇ જતો હોય છે તો અમુક બનાવમાં મિસ્ટ્રી બની જતી ઘટનાને ઉકેલવા પોલીસને ભારે મહેનત કરવી પડતી હોય છે. આવી જ એક મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ ગઇ છે. એક યુવતિની હત્યા કરાયેલી લાશ મળી આવતાં પોલીસ ભેદ ઉકેલવા કામે લાગી હતી. દરમિયાન ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. જેમાં આ યુવતિ પતિને છોડી એક ચોર એવા લવર સાથે રહેવા માંડી હતી. આ લવરના બે સાગરીત મિત્રોએ જ આ યુવતિ પર નજર બગાડી બળાત્કારનો પ્રયાસ કર્યો હતો. જેનો યુવતિએ પ્રતિકાર કરતાં તેણીને આ બંનેએ મોતને ઘાટ ઉતારી દીધાનું ખુલ્યું છે. હત્યાની ઘટના ઉકેલાઇ તે સાથે સાથે ચોરીઓની ઘટનાઓ પણ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

ઘટના પર નજર કરીએ તો સુરતના ઓલપાડના પરીઆ ગામની સીમમાં યુવતીની તિક્ષ્ણ હથિયાર વડે ગળુ અને બંને હાથની નસ કાપીને હત્યા કરવામાં આવી હતી. લાશ મળતાં પોલીસની ટીમો ભેદ ઉકેલવા કામે લાગી હતી. દરમિયાન આ મર્ડર કેસમાં ચોરની ટોળકીના બે આરોપીઓની ધરપકડ કરી છે. અત્યંત ખરાબ રીતે કરાયેલી હત્યાએ ઓલપાડ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી, જેમાં ત્રણ ચોર પૈકી એક સાથીની મહિલા મિત્ર ઉપર બાકીના બે જણાએ નજર બગાડી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ બે ચોરોએ પોતાના સાથીને જ રસ્તામાંથી હટાવાનો પ્લાન બનાવ્યો હતો પરંતુ એના બદલે યુવતી સોનલ હળપતિ મળી જતાં બેએ બળાત્કારની કોશિષ કરતા ઝપાઝપી થતાં આરોપીઓએ સોનલની હત્યા કરી હતી.

આ કેસમાં પોલીસે બે ચોર અનવર અને કાળીયાની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે. જયારે સોનલનો મિત્ર શોએબ ઘટનાના દિવસે બીજા કોઈ કામ માટે ગયો હોય બચી ગયો હતો. સોનલના અગાઉ લગ્ન થયા હતા પરંતુ પતિને છોડીને ચોરીના રવાડે ચઢેલા શોએબ સાથે રહેતી હતી. જેની ઉપર શોએબના બે સાથીઓએ જ નજર બગાડી હતી. પોલીસે વધુમાં જણાવ્યું કે જ્યારે લાશ મળી હતી ત્યારે મૃતકની પણ ઓળખ થઈ ન હતી અને મૃતક મહિલા હતી એટલે તેની પર કોઈએ દુષ્કર્મ તો નથી કર્યો ને તે દિશામાં પણ




તપાસ હાથ ધરાઈ હતી. નવી સિવિલ હોસ્પિટલમાં તબીબોએ પોસ્ટમોર્ટમ કર્યું હતું, જેમાં બળાત્કાર થયો ન હોવાનું ખૂલ્યું હતું. અંતે પોલીસ હત્યારાઓ સુધી પહોંચી ગઇ હતી અને ભેદ ખુલી ગયો હતો.

વધુ વિગતો જોઇએ તો સ્ટેશન અને સૂતેલા લોકોને ટાર્ગેટ કરાતા ચોરોની મોડસ ઓપરેન્ડી અંગે ઓલપાડ પોલીસ ઈન્સ. જાદવે જણાવ્યું હતુ કે ત્રણે ભેગા મળીને રેલવે સ્ટેશન ઉપર ખાસ કરીને મોબાઈલની રડારમાં નહીં આવતા હોય એવી જગ્યા ટ્રેનની રાહમાં બાકડા ઉપર સૂતેલા લોકોના ગજવામાંથી સિફત પૂર્વક મોબાઈલ સેરવી લેતા હતા. જયારે આ સિવાય પણ જાહેરમાં કયાંય પણ બેઠાં બેઠાં ઝોકુ ખાતા લોકોને પણ ટાર્ગેટ કરાતા હતા. પોલીસે એફ.એસ.એલ અને ડોગ સ્ક્વોડ સાથે કરેલી તબાસ બાદ પણ શાતિર આરોપીઓ વારંવાર સ્થળ બદલતા હતા પરંતુ આખરે ઓલપાડ ઈન્સ. સી.આર. જાદવે બનાવેલી ટીમની રડારમાં આવી જતાં બંનેને ઉઠાવી લેવાયા હતાં. સઘન પૂછપરછમાં આરોપીઓ ચોરી કરતા હોવાનું બહાર આવ્યું હતું. જેમની પાસેથી પોલીસે વીસ મોબાઈલ અને ચોરીની બે બાઈક પણ કબ્જે કરી છે, જયારે હજુ તપાસ દરમિયાન ચોરીનું મોટુ રેકેટ બહાર આવવાની શકયતા વ્યકત થઈ રહી છે. આમ હત્યાનો ભેદ ખુલવા સાથે ચોરીઓના ભેદ પણ ખુલ્યા હતાં.

હત્યાની બીજી એક ઘટના પણ ઉકેલાઇ છે. સુરત વેસુ વિસ્તારમાં થયેલી હત્યાનો ભેદ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી કાઢ્યો છે. હત્યાનું કારણ કોઈ જૂની દુશ્મની કે અંગત અદાવત નહીં, પરંતુ માર્ગ પર ચાલતા સમયે માત્ર એક સામાન્ય ધક્કો લાગવા જેવી બાબત કારણભુત બની હતી. પોલીસે ગણતરીના દિવસોમાં આરોપી અતુલ જગબહાદુર સિંહને ઝડપી પાડ્યો છે. વેસુના ઓમ આઇકોન અને સુમન સાગર આવાસની પાછળ બાબુ પટેલ નામના યુવકની હત્યા થઈ હતી. આ ગુનો અનડિટેક્ટ હતો, જેને ઉકેલવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સનો ઉપયોગ કર્યો હતો. પકડાયેલા આરોપી અતુલ જગબહાદુર સિંહની કબૂલાત અનુસાર, તે છૂટક મજૂરી કામ કરતો હતો. ઘટનાના દિવસે તે મજૂરી કામે જવા માટે રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ત્યાં હાજર મૃતક બાબુ પટેલનો તેને અકસ્માતે ધક્કો લાગી ગયો હતો.

પોલીસે કહ્યું કે ધક્કો લાગવાના કારણે બંને વચ્ચે તુરંત જ ઝપાઝપી અને તકરાર શરૂ થઈ. વિવાદ વકરતા મૃતક બાબુ પટેલે આરોપી અતુલને ગંદી ગાળો આપી દીધી. આરોપીએ ગાળો ન આપવા કહ્યું, પરંતુ વાત શાંત થવાને બદલે ઝઘડો ફરી વધ્યો. આરોપી અતુલ સિંહ ગાળો સાંભળીને એટલો ઉશ્કેરાઈ ગયો કે, તેણે પોતાના ગુસ્સા પર કાબૂ ગુમાવી દીધો. તેણે પોતાની પાસે રહેલું ચાકુ કાઢ્યું અને મૃતક બાબુ પટેલને ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા. હત્યા બાદ આરોપી ત્યાંથી નાસી ગયો હતો. ડીસીપી ભાવેશ રોઝિયાંએ કહ્યું કે આરોપી અતુલ સિંહ છેલ્લા પાંચ વર્ષથી સુરતમાં રહે છે અને તે ઘણા સમયથી પોતાની પાસે ચાકુ રાખતો હતો. તેના ઉગ્ર સ્વભાને કારણે પરિવારે પણ તેને ઘરમાંથી હાંકી કાઢ્યો હતો.

ઓનલાઇન હોય કે ઓફલાઇન તક મળતાં જ ગઠીયા ભરી લે છે પોતાના ગજવા

# ફોરેક્સ ગોલ્ડમાં નફો લેવા જતાં કસ્ટમ એજન્ટ ગુમાવ્યા લાખો

## બીજી તરફ ટૂર પેકેજના નામે નવ્વાણું નવ્વાણું હજાર ઉઘરાવી છ લોકોને બે ગઠીયા લગાવી ગયા ચૂનો

રાજકોટ તા. ૧૧

ફ્રોડની દુનિયામાં રોજેરોજ છેતરાઇ જવાની ઘટનાઓ અટકતી જ નથી. કોઇને કોઇ એવુ હોય છે જેને ગઠીયાઓ શિકાર કરી લઇ પોતાના ગજવા ભરી લેતાં હોય છે. ઓનલાઇન હોય કે ઓફલાઇન ગઠીયા તક મળતાં જ પોતાનું કામ તમામ કરી લેતાં હોય છે. ફ્રોડની વધુ એક ઘટના જોઇએ તો ફોરેક્સ ગોલ્ડમાં નફાની લાલચ આપી સાયબર ગઠીયાઓએ કસ્ટમ ક્લીયરીંગ એજન્ટને સાત લાખથી વધુનો ચૂનો લગાવ્યો છે. બીજી એક ઘટના જોઇએ તો ટૂર પેકેજના નામે બે લેભાગુઓએ લોકોને છેતરી લીધા હતા.

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા વિજય જયંતિલાલ શાહ ખોરજ ખાતેની કંપનીમાં એકાઉન્ટન્ટ-કમ કસ્ટમ ક્લિયરિંગ એજન્ટ તરીકે કામ કરે છે. તેઓ ફેસબુક ચેક કરી રહ્યા હતા ત્યારે આર્યા જોષી નામની મહિલાની સાથે વાત થઈ હતી. મેસેન્જર પર યુવતીએ તેમને પોતાનો નંબર મોકલ્યો હતો અને આર્યાએ જણાવ્યું હતું કે, તે રિયલ એસ્ટેટનો બિઝનેસ કરે છે, પરંતુ ફોરેક્સમાં ગોલ્ડનું ટ્રેડિંગ કરીને સારો નફો મેળવતી હોવાનું કહ્યું હતું. આર્યાની નફાની વાત સાંભળી વિજય શાહે પણ તેના કહ્યા મુજબ પહેલા ૪૦ હજારનું રોકાણ કર્યું હતું. જેમાં માત્ર કલાકોમાં જ નફા સાથે રૂપિયા ૪૫,૬૦૦ તેમના એકાઉન્ટમાં જમા થયા હતા. જેને પગલે તેમને આ રોકાણ સલામત હોવાનું લાગ્યું હતું. ત્યાર બાદ વિજય શાહે આર્યાના કહેવા મુજબ જુદી જુદી જગ્યાએ કુલ સાડા સાત લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

જેના પર તેમને કુલ ૧૮ લાખ બતાવવામાં આવ્યા હતા. હવે જ્યારે તેમણે આ નફા સાથેના રૂપિયામાંથી કેટલાક રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે કહેવામાં આવ્યું કે પહેલાં એક મહિનાનો ઈન્વેસ્ટમેન્ટ પ્લાન ચાલુ કરાવી દો, પછી રૂપિયા મળશે. તપાસ કરતાં ઈન્વેસ્ટમેન્ટ પ્લાન પાંચ લાખનો હતો. બીજાં પાંચ લાખ રોકતા પહેલાં વિજય શાહે વિચાર્યું કે હવે ચીટિંગ થઈ રહ્યું છે. જેને પગલે તેમણે સાયબર ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ આદરી છે.



બીજી ઘટના જોઇએ તો ભાવનગર શહેરના ફાયર સેટી કન્સલ્ટન્ટને ભારતમાં કે એશિયાના કોઈ દેશમાં ટૂર પેકેજની લોભામણી લાલચ આપી નાણાં મેળવી છેતરપિંડી આચરનારા વડોદરાના બે શખ્સો સામે બોરતળાવ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.શહેરના ભાયાણીની વાડી ખાતે રહેતા અને ફાયર સેફટીના કન્સલ્ટન્ટનો વ્યવસાય કરતા ચિરાગભાઈ મનસુખભાઈ ગુજરાતીના મોબાઈલમાં દોઢ વર્ષ પહેલા ધ પેરેડાઈઝ કલબ વડોદરા નામની કંપની દ્વારા અલગ-અલગ સેમિનાર ભાવનગર ઈસ્કોન કલબ ખાતે યોજાવાના હોવાની માહિતી આપવામાં આવી હતી. આ માહિતીના આધારે ચિરાગભાઈસેમિનારમાં ગયા ત્યારે કંપનીના માલિક પ્રકાશસિંગ સતારસિંગ રાજપૂત તથા વૈભવ સંતોષ દુબે સાથે પરિચય થયો હતો.

કંપનીના પ્રેમ તિવારીએ કંપનીના મેમ્બરશિપ અંગેના પ્લાન સમજાવ્યા હતા અને ભારત કે એશિયાના દેશોમા એક વર્ષમા કોઇ પણ સમયે સાત રાત્રી અને આઠ દિવસ અને પાંચ વર્ષમા કુલ ૩૫ રાત્રી અને ૪૦ દિવસના ટુર પેકેઝ માટે હોટલમા રહેવા માટે સુંદર અને સારી વ્યવસ્થા કરી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ઉપરાંત પાંચ વર્ષમાં કોઈ જગ્યાએ ફરવા ન જાઓ તો પ્લાન દસ વર્ષ સુધી રિન્યૂ થઈ જશે તેમ જણાવતા ચિરાગભાઈએ તે જ દિવસે રૂ.૯૯,૯૯૯ ચુકવી પ્લાન ખરીદી લીધો હતો. જે બાદ આજથી પાંચ માસ પૂર્વે તેમને તેમના પરિવાર સાથે ફરવા જવાનું હોવાથ કંપનીના મેઈલમાં જાણ કરી હતી પરંતુ કોઈ જવાબ મળ્યો નહોતો.

આથી બધા વડોદરા ખાતે તપાસ કરતા તેમની ઓફિસ પણ બંધ હાલત મળી હતી અને આ લોકોએ ટૂર પેકેજના નામે અન્ય છ લોકો સાથે પણ આ પ્રકારની છેતરપિંડી આચરી હતી. ચિરાગભાઈએ પ્રકાશસિંગ સતારસિંગ રાજપૂત અને વૈભવ સંતોષ દુબે વિરૂધ્ધ પોલીસ ગુનો નોંધી તેને શોધી રહી છે. આમ ફ્રોડની વધુ બે ઘટનાઓમાં લોકો અલગ અલગ રીતે ગઠીયાઓનો શિકાર બની ગયા હતાં. એક પણ દિવસ એવો નહિ જતો હોય કે જેમાં આ પ્રકારની ઠગાઇની કોઇ ફરિયાદ ન નોંધાતી હોય. રાજ્યમાં જ નહિ દેશભરમાં આવા ફ્રોડ વધી ગયા છે. લોકોની લાલચ, જાગૃકતાનો અભાવ અને ઘણીવાર અજાણતા જ તેઓ ગઠીયાઓની જાળમાં આબાદ ફસાઇ જતાં હોય છે અને લાખો કરોડો ગુમાવી બેસતા હોય છે. આવા ફ્રોડમાં નાણા ગુમાવનારા બહુ જુજ નસિબદાર હોય છે જેને પોતાના નાણા પાછા મળતાં હોય છે.

---

શહેરમાં બેફામ દોડતી ખાનગી બસ વધુ એક વખત બની ગઇ જીવલેણઃ વૃદ્ધ કાકાનો આધારસ્તંભ હતી

# ‘હરિધામ’ લખેલી બસે યુવતિને પહોંચાડી દીધી ‘પરધામ’

## જ્યુબીલી ચોકમાં નોકરી પુરી કરી ઘરે જઇ રહેલી યુવતિ સાઇકલ સહિત ખાનગી બસની ઠોકરે ચડતાં કમકમાટી ભર્યુ મોતઃ એ-ડિવીઝન પોલીસે બસચાલક સામે કરી કાર્યવાહી

રાજકોટ તા. ૧૧

શહેરમાં અવાર-નવાર નાના મોટા અકસ્માત સર્જાતા રહે છે. ઘણીવાર જીવલેણ અકસ્માત પણ સર્જાય છે. વધુ એક વખત ખાનગી બસ એક પરિવારની દિકરી માટે કાળ સાબીત થઇ છે. જ્યુબલી બાગ ચોક નજીક ખાનગી ટ્રાવેલ્સની હરિધામ લખેલી બસના ચાલકે સાઇકલ સહિત એક યુવતિને ઠોકરે લેતાં આ યુવતિ પરધામ પહોંચી ગઇ હતી. આ બનાવને પગલે એક વૃધ્ધે પોતાના આધારસ્તંભ સમાન ભત્રીજી ગુમાવી દીધી હતી. એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી બસચાલકને અટકાયતમાં લઇ તપાસ હાથ ધરી હતી. બનાવને પગલે દીવાનપરામાં રહેતાં દાઉદી વ્હોરા પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો વધુ એક વખત શહેરમાં જીવલેણ અકસ્માત સર્જાયો છે જેમાં ખાનગી બસની બેફામ ગતી કારણભુત બની છે. શહેરના જ્યુબીલી બાગ ચોકમાં રાતે ખાનગી બસના ચાલકે સાઇકલને ઠોકરે ચડાવતાં સાઇકલ હંકારી રહેલી દિવાનપરામાં રહેતી દાઉદી વ્હોરા પરિવારની સત્યાવીસ વર્ષિય દિકરી રોડ પર ફેંકાઇ જતાં અને બાદમાં બસના આગલા વ્હીલમાં આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. માતા-પિતા વિહોણી આ યુવતિ વયોવૃધ્ધ કાકા સાથે રહેતી હતી. રાતે સાડા નવેક વાગ્યે નોકરી પુરી કરી દિવાનપરામાં ઘરે જતી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ




માહિતી અનુસાર દિવાનપરામાં રહેતી ફાતેમાબેન તુરબભાઇ માકડા નામની સત્યાવસી વર્ષની યુવતિ જ્યુબીલી બાગ ચોકમાં સાઇકલ સહિત ખાનગી બસની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું.

આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે દિવાનપરા-૧માં ચંદનવીલા મકાનની સામે રહેતાં મૃતકના કાકા શબ્બીરભાઇ અકબરઅલી માકડા (ઉ.વ.૭૨)ની ફરિયાદ પરથી હરિધામ ટ્રાવેલ્સની બસ નં. એઆર૦૬સી-૯૪૯૪ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. વૃધ્ધ શબ્બીરભાઇ માકડાએ જણાવ્યું છે કે હું મારા ભત્રીજી ફાતેમા તુરબભાઇ માકડા સાથે રહુ છું. ભત્રીજી ફાતેમાના પિતાજીનું અઢાર વર્ષ પહેલા અવસાન થઇ ચુક્યું છે. હું નિર્મલા કોન્વેન્ટ રોડ પર હેન્ડસમ ક્રિએશનમાં કપડાના શો રૂમમાં નોકરી કરુ છું અને મારી ભત્રીજી ફાતેમા રઘુવીરપરા રિલાયન્સ મોબાઇલ સર્વિસ નામની દૂકાનમાં નોકરી કરી હતી.

તમણે વધુમાં કહ્યું હતું કે રાતે સાડા નવેક વાગ્યે હું નોકરીએથી એકટીવા લઇને ઘરે આવતો હતો ત્યારે રસ્તામાં ત્રિકોણબાગ પાસે અમારા સમાજના ફાતેમાબેન સરીયાનો ફોન આવેલો કે તારી ભત્રીજી ફાતેમાનું એક્સીડન્ટ થયું છે અને તેને સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા છે. આથી હું તરત હોસ્પિટલે પહોંચતા ભત્રીજી ફાતેમા ત્યાં સારવારમાં બેભાન હાલતમાં હતી. આ વખતે મારા સગા મોઇઝભાઇને મેં ફોન કરતાં તે તથા સમાજના બીજા લોકો પણ આવી ગયા હતાં. એ દરમિયાન મારા ભત્રીજીને ડોકટરે મૃત જાહેર કર્યા હતાં.

મૃત્યુ પામનાર ફાતેમા રાતે સાઇકલ હંકારી નોકરીના સ્થળેથી છુટીને દિવાનપરામાં અમારા ઘર તરફ જઇ રહી હતી ત્યારે જ્યુબીલી ચોકમાં પહોંચતા હરિકૃપા ટ્રાવેલ્સની બસની ઠોકરે ચડી ગઇ હતી. આ બસના ચાલકનું નામ સાગર હરેશભાઇ ભાદરકા છે અને તે જુનાગઢ રહે છે. તેણે બેફીકરાઇથી બસ હંકારી મારા ભત્રીજી ફાતેમાને સાયકલ સહિત ઉલાળી દેતાં તે બસના આગળના વ્હીલમાં આવી જતાં ગંભીર ઇજાઓ થતાં મૃત્યુ થયું હતું. તેમ વધુમાં શબ્બીરભાઇ માકડાએ જણાવતાં એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. એલ. એ. જતાપરાએ ગુનો નોંધી બસ ચાલકની અટકાયતની તજવીજ કરી હતી. મૃત્યુ પામનાર ફાતેમા માકડા એકની એક દિકરી હતી અને વૃધ્ધ કાકાનો આધારસ્તંભ હતી. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

---

રાજકોટના ફાળદંગનો બનાવઃ પહેલા મહિલાએ ફોન કરી ગાળો દીધી પછી દિકરાઓ સાથે કર્મચારીના ઘરે પહોંચી માથાકુટ કરી

# ‘પાણી’ માટે ‘પિસ્તોલ’ બતાવી ગ્રામ પંચાયત કર્મીની ધોલાઇ!

## ડખ્ખો કરી ભાગેલા પૈકી એકને પીસીબીની ટીમે માલીયાસણ પાસેથી પિસ્તોલ સાથે પકડી લીધો

## કર્મચારીને માર મારી ખૂનની-ગામ મુકાવવાની ધમકી દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત પણ કર્યાની એફઆઇઆર

રાજકોટ તા. ૧૧

પાણી માટે ડખ્ખાની ઘટના અનેક વખત બનતી હોય છે. પણ એક ચોંકાવનારા કિસ્સામાં કુવાડવાના ફાળદંગ ગામે રહેતાં અને ગ્રામ પંચાયતમાં પાણીના વાલ્વ ખોલવાની નોકરી કરતાં પ્રૌઢને ગામના જ એક શખ્સે પાણી માટે થઇ પિસ્તોલ બતાવી હતી અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી મારકુટ કરી ખૂનની અને ગામ મુકાવી દેવાની ધમકી આપી હતી. આ શખ્સ સાથે તેના માતા, ભાઇ અને એક અજાણ્યા શખ્સે પણ ધમાલમાં સામેલ થઇ સાથ આપ્યો હતો. જો કે ચારમાંથી એક શખ્સ કે જેણે પિસ્તોલ બતાવી હતી તેને પીસીબીની ટીમે દેશી બનાવટની ગેરકાયદે પિસ્તોલ સાથે દબોચી લઇ અલગથી ગુનો દાખલ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ફાળદંગ ગામે રહેતાં ગ્રામ પંચાયતના કર્મચારી પ્રૌઢને ગામના જ એક મહિલાએ ફોન કરી આજે અમારે પાણી નથી આવ્યું, તાત્કાલીક પાણી આપો કહી ગાળો દીધા બાદ મહિલા, તેના બે પુત્રો અને અજાણ્યાએ ગ્રામ પંચાયતના કર્મચારીના ઘરે આવી કર્મચારીને, તેના દિકરાને, પત્નિને ધોકા-લાફાથી માર મારી ગામ મુકાવી દેવાની અને મારી નાખવાની ધમકી આપી બંદૂક પણ બતાવતાં અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બીજી તરફ પીસીબીની ટીમે આ આરોપી પૈકી એકને ગેરકાયદે પિસ્તોલ સાથે પકડી લીધો છે. આ શખ્સ અગાઉ પણ પાંચ ગુનામાં સંડોવાઇ ચુક્યો હતો. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે ફાળદંગ ગામે રહેતાં અને ફાળદંગ ગ્રામ પંચાયતમાં નોકરી કરતાં દાનાભાઇ





વીરાભાઇ વાળા નામના પચાસ વર્ષના પ્રૌઢની ફરિયાદ પરથી શિવરાજ ધીરૂભાઇ વાળા, મનુબેન ધીરૂભાઇ વાળા, જયરાજ ધીરૂભાઇ વાળા અને અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બીજી તરફ શિવરાજને પિસ્તોલ સાથે પીસીબીની ટીમે પકડી તે આ હથીયાર ક્યાંથી લાવ્યો તેની તપાસ હાથ ધરી છે.

પોલીસ સમક્ષ ઘટનાની વિગતો જણાવતાં દાનાભાઇ વાળાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું અને ફાળદંગ ગ્રામ પંચાયતમાં નોકરી કરુ છું. મારુ કામ પાણીનો વાલ્વ ખોલી ગામમાં પાણી છોડવાનું છે. શુક્રવારે ૧૦મીએ સવારે હું ઘરે હતો ત્યારે ગામના કાઠી પરિવારના મનુબેન ધીરૂભાઇ વાળાએ મને ફોન કરી કહ્યું હતું કે આજે અમારા ઘરે પાણી આવ્યું નથી, તમે તાત્કાલીક મારા ઘરે પાણી આપો. જેથી મેં કહેલું કે હું તમોને પંદર દિવસથી રોજ પાણી આપુ છું, આજે પાણીના ટાંકામાં પાણી નથી, તમે થોડીવાર ખમો તો હું વ્યવસ્થા કરુ છું. આ સાંભળી તે મને ફોનમાં ગાળો દેવા માંડ્યા હતાં અને પાણી નો હોય તો નોકરી નો કરાય, નીકળી જવાય ને. હું હમાણ શિવરાજને તારા ઘરે ચાવી લેવા મોકલુ છું તેમ કહ્યું હતું. આ પછી થોડીવારમાં તેમનો દિકરો શિવરાજ મારા ઘરે આવ્યો હતો અને મારી પાસે પાણીના ટાંકાની ઓરડીની ચાવી માંગી હતી.

જેથી મેં સરપંચને પુછ્યા વગર ચાવી ન આપી શકાય તેમ કહેતાં શિવરાજ મને ગાળો દેવા માંડ્યો હતો અને હું હમણા આવુ છું તું ઉભો રહેજે કહીને તે જતો રહ્યો હતો. આ પછી હું મારો દિકરો રાજુ, દિકરી આશા, મારા પત્નિ ચંપાબેન એમ બધા ઘર બહાર શેરીમાં ઉભા હતાં ત્યારે મનુબેન વાળા ચાલીને આવ્યા હતાં અને તેનો દિકરો શિવરાજ, જયરાજ તથા અજાણ્યો શખસ ફોર્ચ્યુનર કાર લઇને આવ્યા હતાં અને મારા ઘર પાસે બધા ઉતર્યા હતાં. શિવરાજના હાથમાં ધોકો હતો અને બીજા હાથમાં બંદુક જેવુ હથીયાર હતું. જયરાજ અને અજાણ્યાના હાથમાં પણ ધોકા હતાં. મનુબેને મારા દિકરા રાજુને બે લાફા મારી લીધા હતાં અને શિવરાજે પણ ધોકાનો ઘા મારા દિકરા ઉપર કર્યો હતો.

આથી મારો દિકરો ભાગી ગયો હતો. બાદમાં જયરાજે મને ધોકાથી માર માર્યો હતો. શિવરાજે બંદુક જેવુ હથીયાર મને દેખાડી કહેલું કે-આ તારી સગી નહિ થાય. આમ કહી તેણે ગાળો દઇ મને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત પણ કર્યો હતો અને તારે ગામમાં રહેવું છે કે નહિ તેમ કહી વધુ ગાળો દીધી હતી. શિવરાજે મારા પત્નિ ચંપાબેનને પણ તું તો એક જ ધોકાથી ગરાગ છો કહી તેને પાટુ મારી પછાડી દીધેલ અને માર મારવાની ધમકી આપી હતી. બાદમાં શિવરાજે મને ધમકી આપી હતી કે તારા દિકરા રાજુને જ્યાં રાખવો હોય ત્યાં રાખી દેજે તેને મારી જ નાખવાનો છે. આ વખતે મારો દિકરો મહેશ આવી જતાં તે વચ્ચે પડ્યો હતો.

ત્યારપછી વિશરાજ સહિતના કારમાં ભાગી ગયા હતાં. મને પગમાં દુઃખાવો થતો હોઇ ૧૦૮ બોલાવી કુવાડવા હોસ્પિટલે સારવાર માટે ગયો હતો. શિવરાજના માતાએ પાણી આપવાનું કહી ગાળો દઇ બાદમાં તેના દિકરાએ આવી પાણીના ટાંકાની ઓરડીની ચાવી માંગતાં મેં ન દેતાં થોડીવાર બાદ શિવરાજ, તેનો ભાઇ જયરાજ, તેના માતા અને અજાણ્યાએ આવી ધોકાથી હુમોલ કરી, બંદુક બતાવી ધમકી આપી મારકુટ કરી અમને અપમાનીત કર્યા હતાં. કુવાડવા રોડ પોલીસ ઇન્સ્પેક્ટર બી. પી. રજયાની માર્ગદર્શન પીએસઆઇ એ. બી. ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ પીસીબીના હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, રાહુલગીરી ગોસ્વામી અને કોન્સ. વાલજીભાઇ જાડાને બાતમી મળતાં રાજકોટ-અમદાવાદ હાઇવે પર માલીયાસણ ચોકડીએ ખોડિયાર પાન પાસેથી શિવરાજ ધીરૂભાઇ વાળાને રૂા. ૧૦ હજારની દેશી બનાવટની પિસ્તોલ સાથે પકડી લીધો હતો. ચોવીસ વર્ષનો શિવરાજ ફાળદંગ ગામ હનુમાનજી મંદિર પાસે, પીપળાવાળી શેરીમાં રહે છે. પોલીસના કહેવા મુજબ શિવરાજ વાળા વિરૂધ્ધ અગાઉ પણ કુવાડવા રોડ પોલીસમાં જૂગારધારા, અપહરણ, દારૂ, આજીડેમમાં મારામારી અને ભાડલામાં જૂગારધારાનો મળી કુલ પાંચ ગુના નોંધાઇ ચુક્યા હતાં. આ શખ્સ પિસ્તોલ ક્યાંથી લાવ્યો? તેની તપાસ થઇ રહી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, એએસઆઇ સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા સહિતે આ કામગીરી કરી હતી.

---

ફ્રેન્ડશીપ-લવશીપના નામે ફસાવવાના સતત વધી રહેલા કિસ્સાઃ વધુ એક ઘટના

# કુંવારો છે કહી વિધર્મીએ પરિણીતાને ફસાવી દેહ પીંખ્યો

## ફોસલાવીને નિકાહનું નાટક પણ કર્યુઃ હકિકત સામે આવતાં ફોન સ્વીચ ઓફ કરી ભાગી ગયો

રાજકોટ તા. ૧૧

સોશિયલ મિડીયાથી કે પછી બીજી રીતે પીછો કરીને સગીરાઓ, યુવતિઓ, છાત્રાઓ કે પછી ક્યારેક પરણેલી મહિલાઓને ફસાવી લેતાં હોય છે. દોસ્તી લવના નામે લફરા કરીને આવા તત્વો માત્ર પોતાનો સ્વાર્થ સાધી લેતાં હોય છે પછી જે તે ભોગ બનનારને તરછોડી દેતાં હોય છે. આ પ્રકારના દૂષ્કર્મની ઘટનાઓ અનેક બની ચુકી છે. અમુક વખત તો વિધર્મીઓ પણ ખોટા નામ ધારણ કરી ફસાવતાં હોય છે. દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક હિન્દુ પરિણીતાને મુસ્લિમ બનાવી બે સંતાનના પિતા એવા શખ્સે પોતે કુંવારો છે તેમ કહી નિકાહ કરી લીધા હતાં. જો કે બાદમાં પરિણીતાને ખબર પડી હતી કે જેણે પોતાને ફસાવી છે તે એક ડોક્ટરનો ડ્રાઇવર છે અને પોતાની સાથે ખોટુ કરી ગયો છે. પોલીસ ફરિયાદ થતાં જ આ લેભાગુ ફોન બંધ કરી ભાગી ગયો છે.

લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો હિન્દુ પરિણીતાને મુસ્લિમ બનાવી ભરૂચમાં બે સંતાનોના પિતાએ અપરિણીત હોવાનું કહી હિન્દુ પરિણીતા સાથે નિકાહ કરી લઇ તેની જિંદગી બગાડી છે. ભરૂચની એક હોસ્પિટલના ડોકટરના ડ્રાઈવર તરીકે નોકરી કરનાર વિધર્મી બે સંતાનના પિતાએ પોતે અપરિણીત છે તેમ કહી હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં નોકરી કરતી પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી અમદાવાદમાં નિકાહ કરી હિન્દુ યુવતીને મુસ્લિમ બનાવી વડોદરા અને અજમેરની હોટલોમાં શારીરિક શોષણ કરી તડછોડી મૂકતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે શહેરના મધ્યમાં આવેલી એક હોસ્પિટલમાં ડોકટરના ડ્રાઈવર તરીકે નોકરી કરતા મકતમપુર વિસ્તારના મુસ્લિમ યુવકે હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં નોકરી કરતી અનુસૂચિત જાતિની પરિણીતાને



પ્રેમજાળમાં ફસાવી હતી. યુવાને પોતે કુંવારો છે તેમ જણાવી વિશ્વાસ ભો કર્યો હતો. મેડિકલ સ્ટોરમાં નોકરી કરતી યુવાન પરિણીતાના લગ્ન થયા હતા પરંતુ તે પતિ સાથે રહેતી નહી હોવાથી તેવી પરિસ્થિતિનો લાભ ઉઠાવી મુસ્લિમ યુવક પરિણીતાને અમદાવાદ લઈ જઈ નિકાહ કરી લીધા હતાં. બાદમાં વડોદરા અને અજમેરની હોટલમાં લઈ જઈ વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતાં. થોડા દિવસો બાદ પરિણીતાને જાણ થઇ હતી કે ~મજાળમાં ફસાવી નિકાહ કરનાર યુવક બે સંતાનોનો પિતા છે.

આ પછી અચાનક જ આ પરિણીતાને ખબર પડી હતી કે પોતે જેને કુંવારો સમજી નિકાહ કર્યા છે તે કુંવારો નહિ પણ પરણેલો અને બે સંતાનનો પિતા છે. યુવતીને ફસાવનાર યુવકનો ભાંડો ફૂટતા જ તે હોસ્પિટલમાંથી નોકરી છોડીને જતો રહયો હતો. મુસ્લિમ યુવકનો ફોન પણ સ્વિચ ઓફ આવતા આખરે પરિણીતા ભરૂચ એ ડીવીઝન પોલીસ મથક પહોંચી હતી અને બાદમાં કાયદેસરની કાર્યવાહી કરવા માટે અરજી આપી હતી. પોલીસ તુરંત જ હરકતમાં આવી હતી અને હિન્દુ યુવતીને મુસ્લિમ બનાવનાર યુવકને ઝડપી પાડયો હતો. બાદમાં યુવકે હિન્દુ પરિણીતાને પોતે અપનાવી લેશે તેવી મૌખિક બાંહેંધરી આપ્યા બાદ તે જતો રહ્યો હતો. બીજી બાજુ બાદમાં પાછળથી પરિણીતાએ પણ પોતે ફરિયાદ આપવા માંગતી નહી હોવાનું પોલીસને જણાવ્યું હતું.

આ વધુ એક લાલબત્તી સમાન ઘટના છે જે એવી તમામ યુવતિઓ, પરિણીતાઓને ચેતવે છે જે ગમે તેની સાથે મિત્રતા કરી બેસે છે અને પછી પ્રેમના નામે આગળ વધી પોતાની જિંદગીને જાતે જ દોજખમાં ધકેલી દે છે. આ પ્રકારની અનેક ઘટનાઓ અત્યાર સુધી બની ચુકી છે. લેભાગુઓ ગમે તેમ કરીને શિકાર શોધવા મથતા રહેતાં હોય છે. તેનાથી બચવાની જરૂરી છે. આ ઘટનામાં પણ પરણેલાએ કુંવારો હોવાનું કહી મહિલાને ફસાવી હતી અને તેની સાથે તમામ હદ વટાવી દીધી હતી. પછી પોતાની હકિકત ખુલતાં ભાગી ગયો હતો. જો કે પોલીસ તેને શોધી લાવી હતી. અહિ વાત એ નથી કે મિત્રતા ન કરો, પ્રેમમાં ન પડો. પણ આ રસ્તે આગળ વધતાં પહેલા ચેતતા રહો. સમજી વિચારીને આગળ વધો.

કહેવાતા લેભાગુઓ મિડીયાના નામે ચરી ખાઇ મિડીયાને કરતાં હોય છે બદનામ

# કહેવાતા પત્રકારે ફ્લેટના નામે 64 લાખ કટકટાવ્યા

## સાત ગ્રાહકો પાસેથી રૂપિયા લઇ લીધા પછી કોઇને ફ્લેટ ન દીધા ને રૂપિયા પણ ન દીધાઃ લેબર સપ્લાયના નામે કોન્ટ્રાક્ટર સાથે આડત્રીસ લાખની છેતરપીંડી

રાજકોટ તા. ૧૧
મિડીયાના નામે હાલી નીકળનારા અનેક લેભાગુઓ અત્યાર સુધીમાં પકડાઇ ગયા છે. અમુક તો મિડીયામાં કામ કરીને પણ પત્રકારત્વને કાળી ટીલી લગાડી રહ્યા હોય છે. આવા અનેક હોય છે પણ ભોપાળા અમુકના જ છત્તા થતાં હોય છે. હાલમાં જ એક નામી પત્રકાર વિરૂધ્ધ સતત ચાર જેટલી એફઆઇઆર અલગ અલગ ગુનાઓ સબબ દાખલ થઇ ચુકી છે. ત્યાં વધુ એક આવા કહેવાતા પત્રકારનું પાપ છાપરે ચડ્યું છે. આ મહાશય ફ્લેટ વેંચાણના નામે સાત ફ્લેટના ચોસઠ લાખ રૂપિયા લઇ ગયો હતો પછી ગ્રાહકોના નામે ફ્લેટ નહિ કરી ઠગાઇ આચરી લીધી હતી. પોલીસે એફઆઇઆર દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વપીના ભીલાડના સરીગામમાં ૭ લેટ વેચાણે આપી રૂ. ૬૪.૪૦ લાખ વસૂલીને લેટને નામે ન કરતા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી છે. કથિત પત્રકારને વારંવાર લેટના કાગળો નામે કરવા કહેતા ફરિયાદીને ખંડણીખોર બતાવી ન્યૂઝપેપરમાં ખંડણી અંગે સમાચાર છાપતો હતો તે પણ એફઆઇઆરમાં ઉલ્લેખ કરાયો છે. ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે ખાણ ફળિયા પ્રજ્ઞા સ્કૂલ પાસે રહેતા ઓગણસિત્તેર વર્ષીય પુરૂસોત્તમ જીવણભાઇ પ્રજાપતિ હાલ નિવૃત્ત જીવન ગુજારે છે. અગાઉ તેઓ કન્સલ્ટન્ટ એકાઉન્ટેન્ટનું કામ વિનોદભાઇ વર્મા પાસે કરતા હતા અને તેઓ કે. ડી. કંસ્ટ્રક્શનના નામે વેપાર કરે છે. વીસ વર્ષ અગાઉ તેમની ઓફિસમાં ટેલીફોન, ફેક્સ મશીન હોય ઘણા માણસો તેમજ પત્રકારો તેમની ઓફિસમાં તે કામ માટે આવતા હતા.

ત્યારે કથિત પત્રકાર અનિલ દુર્લભ ભંડારી પણ તેમની ઓફિસે કામકાજ માટે આવતો હતો. વર્ષ ૨૦૧૨માં -જ્ઞા સ્કૂલની બાજુમાં આવેલ જમીન અનિલ ભંડારીએ ખરીદ કરેલ હતી અને સર્વે નં. ૨૨૫-૨-પૈ.૧-પૈ.૧૫થી ૧૭માં તેણે બિલ્ડિંગ બનાવવાનું શરૂ કર્યું હતું. બાંધકામમાં પૈસાની જરૂરિયાત ઉભી થતા લેટો વેચાણ આપવા કહેતા એપાર્ટમેન્ટના લેટ નં. જી-૧, જી-૨, ૧૦૧, ૧૦૨, ૨૦૪, ૩૦૪ અને ૪૦૨ મળી કુલ ૭ લેટ ફરિયાદી તથા તેમની પત્નિ કલ્પના, છોકરા કીર્તી તથા શેઠ વિનોદ વર્માએ ફરિયાદીના કહેવાથી વિશ્વાસમાં આવી તેમની પત્ની મનિષા તથા ત્રણ લેટો કે. ડી. કન્સ્ટ્રક્શનના નામે લીધા હતા.



સાત લેટો મળી કુલ ૫૬૮૦ ચોરસ ફુટની કિમત રૂપિયા ૬૫,૩૭,૬૮૦ હોય અલગ અલગ ચેક મારફતે અનિલ ભંડારીને આપતા તમામ ચેક ક્લિયર થઇ ગયા હતા. પરંતુ લેટો બાબતે કોઇ એગ્રીમેન્ટ કે દસ્તાવેજ નહીં કરી આપતા અનિલને અવાર નવાર દસ્તાવેજ કરી આપવા કહેતા વાયદાઓ કરી સમય પસાર કરી દસ્તાવેજ નહીં કરી આપી તેઓ પાસે ખંડણી માંગી છે તેમ પત્ની અને છોકરા વિરૂદ્ધ અરજી અપાઇ હતી. એ જ સમયે ફરિયાદીના વિરૂદ્ધમાં સરીગામના ખંડણીખોર પરસોત્તમ પ્રજાપતિ વિગેરે પ્રરણા ન્યુઝ એન્ડ ફીચર્સ તથા પેપરમાં છાપતો હતો. ગ્રામ પંચાયતના રેકર્ડ ઉપર વેચાણ કરેલ તમામ સાત લેટો આરોપીના નામે જ હોય ભીલાડ પોલીસમાં આરોપી અનિલ દુર્લભ ભંડારી સામે છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી છે અને તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બીજી એક ઘટનામાં વડોદરાના એક કોન્ટ્રાક્ટર સાથે સુરતના ભેજાબાજે વિદેશમાં લેબર સપ્લાય કરવાના નામે ૩૮ લાખ જેટલી રકમ પડાવી લીધી હોવાનો બનાવ બનતા સમા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. છાણી જકાતનાકાની શિવમ સોસાયટીમાં રહેતા દિલીપભાઈ લખમાણીએ પોલીસને કહ્યું છે કે, મારી સાઈટ પર મિસ્ત્રી કામ કરતા દીપકભાઈ મારફતે સુરતના લેબર સપ્લાયર આશિષ બીપીનભાઈ મિસ્ત્રી કે જે સુરતનો છે તેની સાથે સંપર્ક થયો હતો. આશિષ મિસ્ત્રીએ મને કહ્યું હતું કે તે વિદેશમાં લેબર સપ્લાય કરે છે અને આપણે પાર્ટનરશીપમાં કામ કરી શકીએ તેમ છીએ.

આશિષ મિસ્ત્રીએ સિંગાપુરમાં ૩૦ લેબર સપ્લાય કરવા માટે મારી પાસે લેબરોની ડિટેલ મેળવી હતી. દિલીપભાઈએ કહ્યું છે કે આશિષ મિસ્ત્રીએ મને એક લેબર દીઠ ૧.૨૦ લાખનું ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહ્યું હતું. જેની સામે કામદાર વિદેશ પહોંચે એટલે ૫૦ રકમ પરત આપશે અને કામદારને ૮૦૦૦૦ સેલરી મળશે તેમાંથી પણ કમિશન આપવાની વાત કરી હતી. જેથી ૩૦ લેબર પેટે મેં ૩૭.૯૮ લાખ રૂપિયા મોકલ્યા હતા.

વધુમાં જણાવ્યું હતું કે આશિષે કોર્ટ મેનપાવર રિસોર્સીસ ટ્રાલી સિંગાપુરના નામે કોન્ટ્રાક્ટના ફોર્મ પર સહીઓ પણ મેળવી હતી. ત્યારબાદ તેને કેટલાક કામદારોની ટિકિટો પણ મોકલી હતી. જે ટિકિટો આગલે દિવસે કેન્સલ થઈ છે તેમ તેણે કહ્યું હતું. આમ, આશિષભાઈની વર્તણુક શંકાસ્પદ જણાઈ હતી અને મારો ફોન પણ રિસીવ નહીં કરી ઉડાવ જવાબ આપતા હોવાથી મેં પૈસાની ઉઘરાણી કરી હતી. પરંતુ એમણે એક પણ લેબરને મોકલ્યા નથી અને પૈસા પણ પરત કરતા નથી. જેથી સમા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

વાતે વાતે ગરમી પકડી જતો માણસ હાથમાં આવે એ હથીયાર લઇ તૂટી પડે

# સમાધાનની વાતમાં જ જામી પડીઃ ત્રણ લોકો થયા ઘાયલ

## પુષ્કરધામ પાસે આવાસ ક્વાર્ટરમાં બનાવ : યુવાનની પત્નિ રિસામણે હોઇ સમાધાનની વાત કરવા આવેલા તેના સાસુ, સાળાઓ, માસીજી ઉગ્ર બની તૂટી પડ્યા

રાજકોટ તા. ૧૧
રોજે રોજ શહેરમાં કોઇને કોઇ લોકો વચ્ચે મારામારી બટાઝટી બોલતી રહે છે. અલગ અલગ અને નહિ જેવા કારણોસર પણ લોકો હાથમાં આવે હથીયારથી તૂટી પડતાં હોય છે અને એક બીજાને લોહીલુહાણ કરી મુકતાં હોય છે. એક યુવાનની પત્નિ રિસામણે હોઇ આ મામલે સમાધાનની વાત કરવા આ યુવાનના બે સાળા, સાસુ, માસીજી તેના ઘરે આવ્યા હતાં. પરંતુ સમાધાનની વાતમાં જ ડખ્ખો થઇ જતાં આ લોકો છરીથી તૂટી પડ્યા હતાં. જેમાં આ યુવાન, તેના ભાઇ અને માતાને ઇજાઓ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી રોડ પુષ્કરધામ નજીક ક્વાર્ટરમાં રહેતાં નેપાળી યુવાનના નાના ભાઇની પત્નિ મનહરપ્લોટમાં એકાદ મહિનાથી રિસામણે હોઇ સમાધાનની વાત કરવા આવેલા નાના ભાઇના સાસુ, બે સાળા, માસીજીએ વાતચીત વખતે ડખ્ખો કરી છરીથી હુમલો કરી તેમજ ઢીકાપાટુ મારતાં યુવાન, તેના ભાઇ, માતાને ઇજા થઇ હતી. આ લોકોએ માથે જતાં ખૂનની ધમકી પણ દીધી હતી. આ ડખ્ખામાં પુષ્કરધામ પાસે કવલમ્ નજીક આવેલા આરએમસી ક્વાર્ટર બ્લોક નં. ૧૨ રૂમ નં. ૧માં રહેતાં આકાશ



અમરસિંહભાઇ દરજી નામના છવ્વીસ વર્ષના નેપાળી યુવાનની ફરિયાદ પરથી મનહર પ્લોટ ગાયત્રી હોસ્પિટલ પાછળના એપાર્ટમેન્ટમાં રહેતાં સુજલ ગણેશભાઇ આઉજી, વિહમ, સુજલના માતા નિર્મળાબેન, સુજલના માસી રાધીકાબેન વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી. આકાશ દરજી-નેપાળી મજુરી કરે છે અને પત્નિ ચંદાબેન, પિતા અમરસિંહભાઇ અને નાના ભાઇ અર્જુન સાથે રહે છે. અર્જુનના પત્નિનું નામ અનુ છે અને તેણી એકાદ મહિનાથી રિસામણે છે.

બનાવ અંગે વધુ માહિતી આપતાં આકાશે જણાવ્યું હતુ કે મારા ભાઇ અજુનના સાળા સુજલ આઉજી અને વિહમ તથા આ બંનેના માતા નિર્મળાબેન અને માસી રાધીકાબેન મનહરપ્લોટમાં રહે છે. આ ચારેય મારા ભાઇ અર્જુન અને તેની પત્નિ અનુના સમાધાન માટે અમારા ઘરે આવ્યા હતાં. સમાધાનની વાત ચાલુ હતી ત્યારે બોલાચાલી થતાં આ લોકો જતાં રહ્યા હતાં. બાદમાં રાતે સાડા અગીયારેક વાગ્યે હું ઘરે હતો ત્યારે સુજલ, તેના માતા નિર્મળાબેન, માસી રાધીકાબેન ફરી અમારા ઘરે આવ્યા હતાં અને ગાળો દઇ ઝઘડો કર્યો હતો. આથી આ લોકોને ગાળો બોલવાની મારા માતા, ભાઇએ ના પાડતાં આ લોકો ઝપાઝપી કરવા માંડ્યા હતાં. સુજલે છરી કાઢી મને માથામાં મારી દીધી હતી.

તેમજ મારા માતા ચંદાબેનને મારા ભાઇના સાસુ નિર્મલાબેન, માસીજી રાધીકાબેને ઢકીપાટુ માર્યા હતાં. મારો ભાઇ અર્જુન અમને વધુ મારથી છોડાવતો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં આ લોકો ભાગી ગયા હતાં. ભાઇ અર્જુનની પતિન અનુ રિસામણે હોઇ તેના સમાધાનની વાત વખતે માથાકુટ થતાં ભાઇના સાળા, સાસુ, માસીજી સહિતે આવી ઝઘડો કરી મારકુટ કરી મારા ભાઇ અર્જુનને મારી નાંખવાની ધમકી આપી હતી. તેમ વધુમાં આકાશે કહેતાં આસી. સબ ઇન્સ. જે. એલ. બાળાએ એફઆઇઆર દાખલ કરી હતી. સમાધાનની વાતમાં જ જામી પડતાં ત્રણ લોકો ઘાયલ થઇ ગયા હતાં.

રૈયાધારના યુવાને પડોશીને તમારા વધેલા ઝાડવાથી મારા પતરા તૂટશે તેમ કહેતાં મામલો ગરમાયો

# ઝાડવા મામલે ઝઘડોઃ પડોશી દોડ્યો તલવાર લઇને મારવા

## તારા પતરા મારા ઝાડવાથી તૂટે તો'ય કંઇ બોલવાનું નહિ, ઉભો રહે આજે તો મારી જ નાંખુ કહી દોટ મુકતાં ગભરાયેલો યુવાન સીધો પોલીસ સ્ટેશને પહોંચી ગયો

રાજકોટ તા. ૧૧
માથાકુટ-મારામારી કયા કારણોસર થઇ જાય તે નક્કી હોતું નથી. હવે એક જગ્યાએ ઝાડવાને કારણે ઝઘડો થયો છે. જેમાં પડોશી પડોશીનો દુશ્મન બની તલવાર લઇ પાછળ દોડ્યો હતો અને ઉભો રહે આજે તો મારી જ નાંખુ કહીને બૂમાબૂમ કરવા માંડતાં ગભરાયેલો યુવાન જીવ બચાવી સીધો પોલીસ સ્ટેશને પહોંચી ગયો હતો.

વ્ગિતો પર નજર કરીએ તો રૈયાધારમાં રહેતાં અને લાદી કામ કરતાં યુવાને પડોશીના ઝાડવા બહુ વધી ગયા હોઇ અને આ યુવાનના મકાનના પતરા પર આવી ગયા હોઇ પતરા તૂટી જાય તેમ હોઇ તેણે પડોશીને પતરા તરફના ઝાડવા થોડા કાપી નાખવા અગાઉ જણાવતાં આ બાબતનો ખાર રાખી ગત રાતે પડોશીએ તેને ઉભો રાખી ગાળો દઇ તલવાર લઇ મારવા દોડી ઉભો રહે તને તો મારી જ નાખવો છે કહી ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર સ્લમ ક્વાર્ટર ઝાકીર હુશેન સરકારી શાળા નજીક રહેતાં અને લાદી કામની મજૂરી કરતાં ત્રીસ વર્ષના યુવાન રામભાઇ ભાણજીભાઇ વાછકીયાની ફરિયાદ પરથી પ્રવિણ વાળા વિરૂધ્ધ



ફરિયાદ દાખલ કરી હતી. રામભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહી લાદી કામ કરી ગુજરાન ચલાવુ છું.

તેણે વધુમાં કહ્યું હતું કે એક મહિના પહેલા પડોશી પ્રવિણ વાળાને મેં કહેલું કે તમારા ઝાડવા બહુ મોટા થઇ ગયા હોઇ મારા પતરામાં અડે છે અને પતરા તૂટી જશે, તમે અમારા પતરા બાજુનું ઝાડવું થોડુ કપાવી નાખજો. જો કે તેણે તે સમયે ઝાડવા કાપ્યા નહોતાં. બાદમાં મારે તેની સાથે ઝાડવા કાપવા બાબતે કોઇ વાત થઇ નહોતી. દરમિયાન શુક્રવારે રાતે નવેક વાગ્યે મારા ફોનમાં હું વાત કરતો કરતો ચાલીને જતો હતો ત્યારે પ્રવિણે મને બોલાવીને મને કહેલું કે- મારા ઝાડવા તારા પતરા તોડી નાંખે તો ય તારે મને કહેવું નહિ.

આમ કહી તેણે મને ગાળો દઇ ઝાડવા તો કપાશે જ નહિ તેમ કહેતાં મેં તેને ગાળો બોલવાની ના પાડતાં તે ઘરમાં જઇ દોડીને તલવાર લઇ આવ્યો હતો અને મારા પર ઘા કરવા પાછળ દોડી ઉભો રહે તને તો મારી જ નાંખવો છે તેમ બૂમો પાડતાં હું ભાગી ગયો હતો અને પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. તેમ વધુમાં રામભાઇએ કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. જે. એલ. બાળાએ ગુનો દાખલ કર્યો હતો. પહેલો સગો પાડોશી એવી કહેવત છે. પણ અહિ તો પાડોશી જ પાડોશીના લોહીનો તરસ્યો બની તલવાર લઇ મારવા નીકળી પડ્યો હતો!

## કારખાનેદાર કારખાનામાં જ ઢળી પડ્યાઃ દિલની દગાખોરીએ જીવ લીધો

રાજકોટ તા. ૧૧
દિલની દગાખોરી સતત લોકોના જીવ લઇ રહી છે. ગઇકાલે સત્તર વર્ષના સગીરનું હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. દરમિયાન વધુ એક આવા બનાવમાં પ્રગતિ સોસાયટીમાં કારખાનામાં કામ કરતી વખતે કારખાનેદારનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું છે. બાબરીયા કોલોની મેઇન રોડ મોરારીનગર-રમાં રહેતાં પચાસ વર્ષના હરેશભાઇ અરજણભાઇ ડાંગર નામના પ્રૌઢ કોઠારીયા રોડ પ્રગતી સોસાયટી-૧ બાલાજી રેફ્રીજરેટર પાછળ ભગવતી મશીન ટુલ્સ નામના પોતાના કારખાને કામ કરી રહ્યા હતાં ત્યારે અચાનક બેભાન થઇ ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર હરેશભાઇ ડાંગર બે બહેન અને ચાર ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે કારખાનામાં કામ કરતાં હતાં ત્યારે ચાલુ કામે હાર્ટએટેક આવી ગયાનું સ્વજનોએ કહ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ભક્તિનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

# ઉપલેટામાં ચોરી કરનારાને ક્રાઇમ બ્રાંચે રાજકોટમાં પકડ્યો

## અગાઉ પણ બીજા ગુના આચર્યાની આપી કબુલાત

રાજકોટ તા. ૧૧
ચોરીના બનાવો વચ્ચે ક્રાઇમ બ્રાંચે વધુ એક ડીટેક્શન કર્યુ છે. ઉપલેટામાં ઘરફોડ ચોરી કરી રાજકોટમાં આવી ગયેલા શખ્સને શહેર ક્રાઇમ બ્રાંચે પકડી લીધો હતો. વિગતો જોઇએ તો ઉપલેટા પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો શખ્સરાજકોટમાં હોવાની ક્રાઇમબ્રાંચના એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ દિપકભાઇ ડાંગર અને કનકસિંહ સોલંકીને બાતમી મળતા રામનાથપરા સ્મશાન પાસે કબીર ચોક પાસેથી પચ્ચીસ વર્ષના ગોપાલ ઉર્ફે ગોવિંદ ભાણાભાઇ સોલંકીને પકડી લઇ રૂા. ૧,૬૪,૦૦૦ ની કિંમતના સોનાના ઢાળીયા સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. હાલ તે નવાગામ મામાવાડીમાં રહે છે.

તેની પુછપરછ કરતા તેણે ૨૦૨૧માં મિત્રો સાથે મળી ચોટીલાથી થાન વચ્ચે રીક્ષામાં મહિલા મુસાફરનો સોનાનો ચેઇન કાઢી લીધો હતો તથા ૨૦૨૨માં ગોંડલ આશાપુરા ચોકડી પાસે એક પ્રસંગમાં એકમહિલાની નજર ચૂકવી ગળામાંથી સોનાનો ચેઇન સેરવી લીધો હોવાની કબુલાત આપી હતી. આ કામગીરી ઇન્સ. એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ. આઇ. એમ.એલ. ડામોર, સી.એચ.જાદવ, એ.એસ. આઇ. ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ દિપકભાઇ ડાંગર, કનકસિંહ સોલંકી, ઉમેશ ચાવડા, ગિરીરાજસિંહ જાડેજા, તથા સુભાષભાઇ ઘોઘારીએ કરી હતી.

આંતરરાષ્ટ્રીય બજારમાં જેની સતત માંગ રહે છે તે પદાર્થની ગેરકાયદે હેરાફેરી અટકી

# SOGએ ૪૯ લાખના એમ્બરગ્રીસ સાથે ખેડૂતને દબોચ્યો

## એસઓજી પોલીસ ઇન્સ. સંજયસિંહ જાડેજાની ટીમના ફિરોઝભાઇ શેખ, રવીરાજભાઇ ધગલની બાતમી પરથી કરીયાણા ગામના શખ્સને ઝડપી લેવાયોઃ શિહોર-સાયલાના શખ્સોના નામ ખુલ્યા

રાજકોટ તા. ૧૧
દુનિયામાં લોકો જેને તરતા સોના તરીકે ઓળખે છે અને જેની ઇન્ટરનેશલ બજારમાં સતત ખુબ માંગ રહે છે તેવા એમ્બગ્રીસ-વ્હેલ માછલીની ઉલ્ટીના જથ્થા સાથે રાજકોટ શહેર એસઓજીની ટીમે કરીયાણા ગામના શખ્સને રાજકોટમાં દબોચી લીધો છે. આ શખ્સ પાસેથી એસઓજીએ દબોચી લીધો હતો. આ શખ્સ પાસેથી અડધા કરોડનું એમ્બરગ્રીસ મળી આવ્યું હતું જે પોતે શિહોરના એક શખ્સ પાસેથી લાવ્યાનું કબુલતાં વધુ તપાસ વન વિભાગે હાથ ધરી છે

વિગતો પર નજર કરીએ તો શહેર એસઓજીની ટીમે આજીડેમ ચોકડી પાસેથી ચોક્કસ બાતમીને આધારે એક ખેત મજૂર શખ્સને રાજકોટમાં વ્હેલ માછલીની ઉલ્ટી કે જે એમ્બરગ્રીસ તરીકે ઇન્ટરનેશનલ બજારમાં ઓળખાય છે તેના જથ્થા સાથે ઝડપી લીધો છે. અનેક રીતે ઉપયોટી અને તરતુ સોનુ ગણાતી વ્હેલ માછલની ઉલ્ટી-એમ્બરગ્રીસના જપ્ત થયલા જથ્થાની કિંમત ૪૯, ૮૦,૦૦૦ જેવી છે. આ શખ્સ શિહોરના એક શખ્સ પાસેથી ગેરકાયદેસર એવો આ જથ્થો લઇને રાજકોટ આવ્યો હતો. રાજકોટ ખાતે તેને આ એમ્બરગ્રીસ સાયલાના એક શખ્સને આપવાનો હતો. જો કે આ લેતી દેતી થાય એ પહેલા આજીડેમ ચોકડીએથી શહેર એસઓજીએ તેને પકડી લીધો હતો.શહેર એસઓજીની ટીમ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનીયમનો ભંગ કરનારા શખ્સોને શોધવા વોચ રાખી રહ્યો હોઇ આ દરમિયાન શહેર એસઓજીના એએસઆઇ ફિરોઝભાઇ ઇકબાલભાઇ શેખ અને કોન્સ. રવિરાજભાઇ વીહાભાઇ ધગલને ચોક્કસ બાતમી મળી હતી કે આજીડેમ ચોકડીએ સીટી બસ સ્ટોપ પાસે એક શખ્સ વ્હેલ માછલીની ઉલ્ટીનો ગેરકાયદે જથ્થો લઇને આવ્યો છે.

એસઓજી પોલીસ ઇન્સ્પેકટર સંજયસિંહ જાડેજાએ તુરત જ આ બાતમી અંતર્ગત ટીમને રવાના કરી હતી. ટીમ આજીડેમ ચોકડીએ બસ સ્ટોપ પાસે પહોંચતાં જ બાતમી મુજબનો શંકાસ્પદ શખ્સને સકંજામાં લઇ લીધો હતો. તેની પાસે પ્લાસ્ટીકની કોથળીમાં શંકાસ્પદ પદાર્થ હોઇ આ બાબતે તેની પૃછા કરતાં ગોળગોળ જવાબ આપ્યા બાદ તેણે આ પદાર્થ વ્હેલ માછલીની ઉલ્ટી જે એમ્બરગ્રીસ તરીકે ઓળખાય છે તે હોવાનું



કબુલ્યું હતું. શખ્સે પુછતાછમાં પોતાનું નામ વિરમ મનજીભાઇ બાવળીયા જણાવ્યું હતું. સત્યાવીસ વર્ષનો આ શખ્સ બાબરાના કરીયાણા ગામનો વતની છે અને ખેત મજૂરી કરે છે.

એસઓજીની ટીમે આ એમ્બરગ્રીસ ક્યાંથી લાવ્યો? તે અંગે પૃછા કરતાં વિરમે વધુ પુછતાછમાં કબુલ્યું હતું કે પોતે ખેત મજૂરી કરે છે. વ્હેલ માછલીની ઉલ્ટીનો આ જથ્થો તેને શિહોરના જીતુ નામના શખ્સે આપ્યો હતો અને આ જથ્થો સાયલાના વિનોદને પહોંચાડવાનો હતો. આના બદલામાં પોતાને અમુક રકમ જીતુ આપવાનો હતો. પોતાને જીતુએ આ પદાર્થ લઇ રાજકોટ આજીડેમ ચોકડીએ પહોંચવા અને સાયલાનો જીતુ ત્યાં આવીને લઇજશે તેમ કહેવાયું હતું. જો કે અહિ તે પહોંચતતા સાયલાનો વિનોદ આવે એ પહેલા એસઓજીની ટીમ આવી ગઇ હતી. શહેર એસઓજીએ રેન્જ ફોરેસ્ટ ઓફિસર, એફએસએલ અધિકારીને બોલાવી પદાર્થની ચકાસણી કરાવી બીએનએનએસ-૧૦૬ મુજબ કબ્જે કર્યો હતો. આ પદાર્થની ચકાસણી કરવાની લેબોરેટરી માત્ર કોલકત્તા અને દેહરાદૂન એમ બે જ જગ્યાએ છે.

વધુ માહિતી અનુસાર વાઇલ્ડ લાઇફ કાયદા અંતર્ગત આ પદાર્થની હેરાફેરી મામલે કાર્યવાહી થતી હોય છે. પોલીસે વિરમ બાવળીયા પાસેથી કબ્જે લીધેલુ એમ્બરગ્રીસ ૪૯૮ ગ્રામ છે અને તેની કિંમત રૂા. ૪૯,૮૦,૦૦૦ લાખ થાય છે. આગળની તપાસ હવે વન વિભાગ દ્વારા કરવામાં આવશે. વ્હેલ માછલીની લટીનો ઉપયોગ દવાઓ માટે થાય છે તેમજ કોસ્મેટિક આઇટમ્સ, અત્તર, સ્પ્રે પણ બને છે. આ ઉલ્ટીની બજાર કિંમત કરોડોમાં હોય છે. વિનોદને આ પદાર્થ આપનાર શિહોરના જીતુ અને લેવા આવનારા સાયલાના વિનોદને શોધવા આગળ તપાસ કરવામાં આવશે. પોલીસે એમ્બરગ્રીસ, દસ હજારના બે મોબાઇલ, રોકડા ૩૧૦, બાઇક ૨૫ હજારનું મળી કુલ ૫૦,૧૩,૩૧૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાના માર્ગશદનમાં પોલીસ ઇન્સ્પેક્ટર સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ એસ. બી. ધાસુરા, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, ફિરોઝભાઇ શેખ, હેડકોન્સ. અમિતભાઇ ટુંડીયા, કોન્સ. રવિરાજભાઇ ધગલ અને કિશોરભાઇ ઘૂઘલે આ કામગીરી કરી છે. બીજા બે શખ્સો શિહોર, સાયલાના રહેવાસી છે તેના નામ આ એમ્બરગ્રીસ મોકલવામાં અને મંગાવનારા તરીકે ખુલ્યા હોઇ તેની શોધખોળ થયે વધુ વિતગો સામે આવશે.

# વાહન ખરીદી પર મનપા ટેક્સ વસૂલી ના શકે

## કોર્ટમાં જાહેર હિતનો દાવો : ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ હેઠળ પાલિકાને આ પ્રકારનો કોઈ કર વસૂલ કરવાનો અધિકાર નથી




રાજકોટ, તા. ૧૧

નવા દિવસો તથા તહેવારોમાં લોકો નવા વાહનોની ખરીદી કરતા હોય છે અને તે ખરીદી માટે તેઓ મહાનગરપાલિકાને વ્હીકલ ટેક્સ પણ ચૂકવે છે પરંતુ હાલ જે વિગતો સામે આવી રહી છે તે મુજબ વાહનો ઉપર વસૂલવામાં આવતા વ્હીકલ ટેક્સ સામે કોર્ટમાં દાવો દાખલ થયો હોવાનું માલુમ પડ્યું છે. અને એવી વાત કરવામાં આવી છે કે વાહનવેરો વસૂલવા મનપાને કોઈ અધિકાર કે સત્તા નથી. આ પ્રકારની દલીલ સાથે રાજકોટની અદાલતમાં જાહેર હિતનો દાવો દાખલ કરવામાં આવ્યો છે.

અરજદાર રમેશ ભગવાનજીભાઈ સાકરીયા તથા ધવલ ઠાકરશીભાઈ આંબલીયા દ્વારા રાજકોટના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજની કોર્ટમાં આ દાવો દાખલ કર્યો હોવાનું માલુમ પડ્યું છે. માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકા છેલ્લા અનેકો વર્ષથી શહેરની હદમાં નવા વાહનોની ખરીદી કરવામાં આવતી હોય તે વખતે વાહન ટેક્સ વસુલે છે જોકે ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ હેઠળ પાલિકાને આ પ્રકારનો કોઈ કર વસૂલ કરવાનો અધિકાર નથી છતાં આ ટેક્સની વસુલાત ચાલતી હોવાનું જણાઈ રહ્યું છે અને નવા વાહનોની ખરીદી કરતા લોકો સહજ ભાવે તે કર પણ આપે છે. પરંતુ અરજદારોના વકીલોના જણાવ્યા અનુસાર આ વસુલાત ગેરકાયદેસર તથા કાયદાની જોગવાઈ વિરુદ્ધ છે ત્યારે ઉપરોક્ત ગેરકાયદેસર વસુલાત સામે જન હિતમાં નાગરિકો દ્વારા કોર્ટ સમક્ષ દાવો કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર રાજકોટ મહાનગરપાલિકા પાસે આ પ્રકારનો ટેક્સ વસૂલ કરવાનો કોઈ હક નથી તે અંગે કોર્ટ સમક્ષ જાહેર હિતમાં ઘોષણા કરવાની પણ માંગણી કરવામાં આવી હતી ત્યારે આ પ્રકારનો જાહેર હિતનો દાવો દાખલ કરતા પહેલા કાયદા મુજબ કોર્ટ પાસેથી પૂર્વ પરવાનગી મેળવવી પણ એટલી જ જરૂરી અને ફરજિયાત છે.

જે સંબંધે વાદીના ધારાશાી ભાવિક ટી. આંબલીયા, ધવલ એ. મેઘાણી તથા રાઘવજી વી. ઘેલાણી દ્વારા કાયદાકીય રજૂઆતો કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ નામદાર કોર્ટેએ દાવો દાખલ કરવાની પરવાનગી મંજુર કરી છે. આ રીતે રાજકોટનાં ઈતિહાસમાં પ્રથમવાર એવું બન્યું છે કે જનતા પરથી ગેરકાયદેસર રીતે વસૂલાત થતા ટેક્ષ અંગે જાહેરહિતનો દાવો સિવિલ કોર્ટ સમક્ષ લાવવામાં આવ્યો છે, જે ગુજરાતભરના નાગરિકોના હિત માટે એક મહત્વપૂર્ણ અને માઈલસ્ટોન રૂપ પગલુ ગણાય છે.

દાવા અરજીમાં જણાવાયું છે કે, રાજકોટ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યો અને ફરજો અને સત્તા અને અધિકારો ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ના કાયદાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ વર્તવાનું છે અને તેની બહારના કોઈ કાર્યો કરવાના નથી. રાજકોટ મનપા હાલમાં સ્કુટર, મોટર સાયકલ, દ્વિચક્રી વાહન, ઓટો રીક્ષા, મોટર કાર અને જીપ તથા લોડીંગ રીક્ષા, ફોર વ્હીલ લોડીંગ ટેમ્પો, મિનિ ટ્રક, મેટાડોર, મિનિ બસ, મોટી બસ તથા અન્ય કોમર્શીયલ વાહનો પર અનુક્રમે ૧.૫%, ૨.૫%, ૩,00% તથા ૨.00%ના જુદા જુદા દરે વસુલ કરવામાં આવે છે. આવો કોઈ વાહન કર વસુલ કરવાની સત્તા કે અધિકાર નથી. છતા વાહન માલીકો પાસેથી ખોટી રીતે વસુલ કરવામાં આવે છે.

અગાઉ માહિતી મંગાતા માત્ર ઠરાવ પસાર કરાયાનું જણાયું છે. હાલમાં જે રીતે વાહન કર વસુલ કરવામાં આવી રહેલ છે તે રાજકોટ શહેરની સમગ્ર પ્રજા ઉપર એક પ્રકારનું ભારણ અને બોજો નાખવામાં આવેલ છે જે અંગે કાયદામાં સ્પષ્ટ મનાઈ ફરમાવવામાં આવેલ છે તેમ છતા આવા કર નાખીને પ્રતિવાદી પ્રજાની અજ્ઞાનતાનો લાભ ઉઠાવી રહ્યા છે અને પ્રજાની પાસેથી ગેરકાયદેસર રીતે રકમ વસુલી રહ્યા છે. જેથી હાલનો દાવો લાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે તેમ દાવા અરજીમાં જણાવ્યું છે. આ અંગે જો કોર્ટ દ્વારા હકારાત્મક નિર્ણય અને ફરિયાદી તરફેણ ચુકાદો આપવામાં આવે તો આગામી દિવસોમાં મહાનગરપાલિકા માટે આ માઠા સમાચાર કહેવાશે અને સામે વાહન ખરીદનાર લોકો માટે સારા દિવસો હશે કારણ કે મોંઘીદાટ ગાડીઓ ઉપર જે ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે તે અસહ્ય અને અકલ્પનીય છે જેનાથી મુક્તિ વાહન ચાલકોને મળશે.

---

CM પટેલ દ્વારા ઓક્ટ્રોય નાબૂદી ગ્રાન્ટ પેટે ગ્રામ પંચાયતોને ૫૭૬.૭૨ કરોડની 'દિવાળી ભેટ'

# રાજકોટ ખાતે પંચાયતોને કરોડોની ગ્રાન્ટની ચૂકવણી

## મુખ્યમંત્રીના હસ્તે 'સ્વચ્છતા હી સેવા'માં શ્રેષ્ઠ કામગીરી કરનારી આઠ સરકારી સંસ્થાઓ તથા શ્રેષ્ઠ કામગીરી કરનારા સ્વ સહાય જૂથોનું સન્માન



રાજકોટ, તા. ૧૧

રાજ્યમાં આસો વદ અમાસ ને ૨૦મી ઓક્ટોબરે દિવાળી છે, પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે જ્યારે ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય નાબૂદી પેટેના અનુદાન તરીકેના રૂપિયા ૫૭૬.૭૨ કરોડ વિતરિત કરતાં, પંચાયતો માટે જાણે આજે જ દિવાળી આવી ગઈ હોય તેવો માહોલ સર્જાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત રાજકોટ ખાતે આયોજિત 'વિકસિત ગામ વિકસિત ગુજરાત' રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પંચાયતોને ઓક્ટ્રોય ગ્રાન્ટના ૫૭૬.૭૨ કરોડ રૂપિયાની રકમના વિતરણનો આરંભ કરાવ્યો હતો. ઉપરાંત 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારી પંચાયત સહિતની આઠ જેટલી સરકારી સંસ્થાઓનું સન્માન તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનારા ચાર સ્વ સહાય જૂથોનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજકોટમાં કાલાવડ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિરના સભાગૃહમાં સૌને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં ઓક્ટ્રોય નાબૂદી કરી હતી. ઓક્ટ્રોયની આવકના અભાવે ગામોનો વિકાસ અટકે નહીં, વિકાસ કામો સતત ચાલતા રહે તે માટે વડાપ્રધાનએ છેલ્લા એક દાયકામાં રાજ્યની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય નાબૂદી પેટે રૂ.૫૪૧ કરોડથી વધુનું અનુદાન આપ્યું છે. ગામડાઓમાં રોડ, વીજળી, પાણી જેવા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે વડાપ્રધાનએ નાણાપંચની ગ્રાન્ટમાં પણ ઉત્તરોત્તર વધારો કર્યો છે.

રાજ્યમાં ગામડાઓના વિકાસ અને પ્રગતિ અંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સમરસ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયથી ગ્રામ પંચાયતોના વિકાસને વેગ મળ્યો છે. આ વર્ષે રાજ્યમાં ૭૬૧ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. પંચાયતના શાસનમાં યુવાનોની ભાગીદારી વધી રહી છે અને આ વર્ષે ૪૨ ટકા સરપંચો ૨૧થી ૪૦ વર્ષના છે. પીએચ.ડી. થયેલા અનેક યુવાનો પણ સરપંચ બનીને ગ્રામસેવા કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં વિકાસ કામો માટે બદલાયેલી માનસિકતા અને કાર્ય સંસ્કૃતિનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, એક સમયે કોર્પોરેશનમાં રૂ. ૧૦ હજારના કામની મંજૂરી માટે પણ લાંબો સમય લાગતો હતો. પરંતુ આજે રૂપિયા એક કરોડ સુધીનાં કામ તો કોર્પોરેટરો પણ કરાવી શકે છે.

ગ્રામીણ વિકાસ અને મહિલાઓના સશક્તિકરણનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સખીમંડળોને દરેક પ્રકારની મદદ કરવા રાજ્ય સરકાર હંમેશા તત્પર હોય છે. ટેક્નોલોજી અને ડ્રોન દીદી યોજનાથી મહિલાઓની આર્થિક પ્રગતિનું ઉદાહરણ આપતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ યોજનાથી મહિલાઓ આર્થિક રીતે સક્ષમ બની રહી છે. એક ડ્રોન દીદી વર્ષે રૂપિયા ૧૪ લાખની કમાણી કરે છે, તેનું નિદર્શન અહીં જોઈને આનંદ થાય છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનની સિલ્વર જ્યુબિલી થવા જઈ રહી છે. નરેન્દ્રભાઈ મોદીની રાજકીય યાત્રામાં રાજકોટના યોગદાનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, રાજકોટની પ્રજાએ મુકેલો ભરોસો આજે દેશના ૧૪૦ કરોડ નાગરિકોનો જનવિશ્વાસ બન્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સક્ષમ પંચાયતોને સશક્ત, સમૃદ્ધ ગુજરાતનો આધાર બનાવી છે. સમરસ ગ્રામ, તીર્થગ્રામ, ઈ-ગ્રામ વિશ્વગ્રામ, જ્યોતિગ્રામ, પાવન ગામ એમ ગામવિકાસના અનેકવિધ સફળ આયામો તેમણે આપ્યા છે. વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે છેવાડાનો માનવી વિકાસના મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકારી યોજનાઓના નિર્માણમાં નાનામાં નાના માણસને કેન્દ્રમાં રાખવાની ચિંતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરે છે.

આત્મનિર્ભર ભારત માટે નરેન્દ્રભાઈએ દેશવાસીઓમાં જગાવેલા વિશ્વાસનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મન કી બાતમાં રમકડાઓની આયાત ઘટાડવા અંગે નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહવાન પછી દેશમાં ચિત્ર બદલાયું. આજે ભારતમાં બનેલાં રમકડાં ૧૪૩ દેશમાં નિકાસ થાય છે. વાઈબ્રન્ટ સમિટથી છેવાડાના વિસ્તારમાં ધંધા-રોજગાર વધે તેવી નરેન્દ્રભાઈએ આપેલી પ્રેરણાને અનુસરતાં હવે ગુજરાતમાં રિજનલ વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવી રહી છે.

ભારતને આત્મનિર્ભર અને વિકસિત અર્થવ્યવસ્થા બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંદેશનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આપણે સ્વદેશીને અપનાવીએ. સ્વદેશી વસ્તુઓ જ વેચીએ, ખરીદીએ અને તેનો ઉપયોગ કરીએ.

આ તકે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના કારણે આજે સરકારી વહીવટમાં ગામડું કેન્દ્રમાં આવ્યું અને ગોકુળગ્રામ, નિર્મળ ગામ અને સમરસ ગામ જેવા અભિગમથી ગ્રામીણ વિકાસને વેગ મળ્યો. સરપંચો ગામની પ્રગતિ પર ગર્વ કરતા થયા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શાસનમાં ગામડાંઓની નોંધપાત્ર પ્રગતિને લીધે અનેક ગામોને 'વિકસિત ગામ'નો દરજ્જો મળ્યો છે. વડાપ્રધાનના નિર્ણયના કારણે ૧૪મા નાણાપંચથી ગ્રામ પંચાયતોને આવશ્યક અધિકાર, વ્યવસ્થા અને સત્તા આપવાનું શક્ય બન્યું છે. વિકાસ સપ્તાહની ઉજવણીના માધ્યમથી ગુજરાત સરકારની વણથંભી વિકાસયાત્રા ગામડે-ગામડે જઈ ગામડાંઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપી રહી છે.

આ તકે મુખ્યમંત્રીના હસ્તે ઓક્ટ્રોય નાબૂદી અનુદાન પેટે બનાસકાંઠાની અંબાજી ગ્રામ પંચાયતને રૂ. ૪.૩૧ કરોડ, સુરતના ઓલપાડની ગ્રામ પંચાયતને રૂ.૪.૦૭ કરોડ, છોટા ઉદેપુરની નસવાડી ગ્રામ પંચાયતને રૂ. ૩.૮૨ કરોડ તથા કચ્છની માધાપર ગ્રામ પંચાયતને રૂ. ૧.૪૭ કરોડની રકમના ચેક આપવામાં આવ્યા હતા. સરપંચોએ આ ચેક સ્વીકારતા મુખ્યમંત્રીનો આભાર પ્રકટ કર્યો હતો. આ સાથે 'સ્વચ્છતા હી સેવા અંતર્ગત' શ્રેષ્ઠ કામગીરી કરનારી સંસ્થા, શાળા, ગામ, સખી મંડળ, તાલુકા, જિલ્લાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે લખપતિ દીદી અંતર્ગત વિવિધ જિલ્લાના ચાર સ્વસહાય જૂથોને પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેર-જિલ્લાનાં આશરે રૂ. ૧૯૪ કરોડના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત કરીને 'દિવાળી ભેટ' આપી હતી. સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપવા સખી મંડળો દ્વારા નિર્મિત અનોખી વસ્તુઓ, પટોળા, માટીના વાસણો, હેન્ડીક્રાફટ, મોતીકામ જેવી વિવિધ વસ્તુઓના પ્રદર્શન કમ વેચાણ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા. તેમજ ડ્રોન દીદીની નવી ટેકનોલોજીની ઉડાન સાથે કાર્યકુશળતાનું પ્રદર્શન યોજાયું હતું. જેને મુખ્યમંત્રીએ નિહાળ્યું હતું.

આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જયેશભાઈ રાદડીયા, દુર્લભજીભાઈ દેથરીયા, મુખ્યમંત્રીના વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારી ધીરજ પારેખ, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાદેશિક નગરપાલિકા કમિશનર મહેશભાઈ જાની, પી.જી.વી.સી.એલ. એમ.ડી. સુધીર પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, પંચાયત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પી. જી. કયાડા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, અગ્રણીઓ ભરતભાઈ બોઘરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

---

# ફટાકડાના કોઈપણ સ્ટોલ પર ફાયર NOC ફરજિયાત

## રાજ્ય સરકારે પરિપત્ર કરતાની સાથે જ ફાયર વિભાગ એક્શન મોડમાં તપાસ શરૂ કરી, વેપારીઓ મૂંઝાયા



રાજકોટ, તા. ૧

દિવાળી તહેવારને આડે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ફટાકડાની દુકાન અને સ્ટોલને લઈને જે નિર્ણય લેવામાં આવ્યો હતો કે ૫૦૦ મીટર થી નાની જગ્યામાં ફટાકડા નો ધંધો કરનાર વેપારીઓને ફાયર એનઓસી ની જરૂર નહીં પડે તેના બદલે હવે સરકારે મંજૂરી તથા લાયસન્સ સહિતની તમામ પ્રક્રિયા ફરજિયાત હોવાની જાહેરાત કરી છે જેને લઈને વેપારીઓમાં ભારે કચવાટ અનુભવાય રહ્યો છે.

મળતી માહિતી મુજબ પોલીસ પાસે ફાયર સેફટી અંગેના કાયદાના સીધા અધિકારો ન હોવાનું માલુમ પડ્યું હતું ત્યારે હવે પરિપત્રમાં ફેરફાર કરી ૫૦૦ મીટર થી નાના સ્ટોલ તારો કોઈએ પણ ફાયર સેફ્ટી ના નિયમોનું પાલન કરવા જણાવ્યું છે તેમજ ચેકિંગ જવાબદારી ફાયર વિભાગ ને સોંપવામાં આવી છે પરિણામ સ્વરૂપે હાલ અલગ અલગ ધીમો બનાવી ફટાકડા સ્ટોલનું ચેકિંગ પણ શરૂ કરી દેવાયું છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ રાજકોટ શહેરમાં કે ગુજરાતના કોઈપણ ખૂણે જે પણ વેપારી ફટાકડા નો વ્યવસાય કરવા માંગતું હોય અને તેના સ્ટોલની સાઈઝ અથવા તો દુકાનની સાઈઝ ૫૦૦ ચોરસ મીટરથી ઓછી હોય તો પણ તેઓએ ફાયર વિભાગ નો અભિપ્રાય અનિવાર્ય લેવો પડશે અને જો લેવામાં નહીં આવે તો તેઓને વ્યાપાર કરવા માટેની મંજૂરી પણ આપવામાં નહીં આવે તેવું જાણવા મળ્યું છે આ અંગેની સ્પષ્ટતા રાજ્યના ગૃહ વિભાગના સંયુક્ત સચિવ દ્વારા કરવામાં આવી હોવાનું જણાયું રહ્યું છે.

શહેરમાં ફટાકડાના વેપારમાં જો દૂકાનની સાઈઝ ૫૦૦ ચોરસ મીટરથી ઓછી હશે તો પણ ફાયર તંત્રનો અભિપ્રાય અનિવાર્ય રહેશે. આ સ્પષ્ટતા રાજ્યના ગૃહ વિભાગના સંયુક્ત સચિવે શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવને પત્ર લખીને પાઠવી છે. છેલ્લા એક સપ્તાહથી રાજ્યના મહાનગરોમાં ફટાકડાના લાયસન્સ ઈસ્યુ કરવા, તેને રિન્યુ કરવા અને ઈન્સ્પેકશનને મુદ્દે શહેરી તંત્ર, પોલીસ અને ફાયર તંત્ર વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. જેને લઈને ગૃહ વિભાગે ફટાકડાના વેચાણ માટેની પરમીટ આપતા પૂર્વે ફાયર તંત્રનો અભિપ્રાય અનિવાર્ય જ રહેશે તેમ સ્પષ્ટ કર્યુ છે.

ગૃહ વિભાગના સંયુક્ત સચિવ ડો.હર્ષિત ગોસાવીએ શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ એમ. થેનારસનને ઉદ્દેશીને એક પત્ર લખ્યો છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીએ ફટાકડા લાઈસન્સ આપનાર ઓથોરિટી ફાયરની એનઓસી કે અભિપ્રાય આપવા જેવી ટેકનિકલ બાબત માટે સક્ષમ નથી

એટલે ગૃહ વિભાગના ૯મી સપ્ટેમ્બર ૨૦૨૫ના પત્ર સાથે પાઠવાયેલા ચેકલિસ્ટ બાબતે સ્પષ્ટતા કરી આપવામા આવે. આ સંદર્ભે શહેરી વિકાસ વિભાગે વર્ષ ૨૦૨૧ની આઠમી જૂલાઈએ જે જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવ્યુ છે તેમાં સ્પષ્ટપણે ૫૦૦ ચોરસ મીટરથી વધારે માપ ધરાવતી દૂકાનો અને એકમો માટે જ ફાયર સેફ્ટિ સર્ટિફિકેટ લેવાનું રહે છે. તેમ કહેવાયુ છે.

પરંતુ, ફટકાડાના સંગ્રહ અને વેચાણ કરવાના પરવાનાને આપવાનો કિસ્સામાં કોઈ વિસ્ફોટ કે આગ સંબંધિત અનિચ્છનીય બનાવના બને તેની ખાસ તકેદારી રાખવી આવશ્યક છે. આથી, સક્ષમ કક્ષાએ થયેલા નિર્ણય મુજબ લાયસન્સ આપનાર ઓથોરિટીને ફાયર સેલ્ફી અંગે સેફ્ટી ઓથોરિટી દ્વારા અભિપ્રાય આપવામા આવે તેવી ભલામણ કરવામાં આવી છે. આ રીતે ફટાકડાના ધંધાને લગતી તમામ મંજૂરીઓમાં ફાયર વિભાગનો અભિપ્રાય જ હવે મુખ્ય રહે તેમ માનવામાં આવે છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
(મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)

૭.૮૫% થી
કાર લોન
• પ્રિ-ક્લોઝર/પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
• લોનનો સમયગાળો મહત્તમ ૭ વર્ષ
ફિક્સ વ્યાજદર
• ૧૦૦% સુધી ધિરાણ સુવિધા • EV કાર માટે વિશેષ ઓફર
• ડૉક્ટર, CA, CS, સરકારી કર્મચારીને વિશેષ લાભ
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક
PROUDLY CO-OPERATIVE
સહકારથી સમૃદ્ધિ